RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 304* Date: 01.09.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### તાલિબાન અને મસૂદ સમર્થકો વચ્ચે ઘમાસાણ

# પંજશીર ઘમાસાણમાં, દાયકુંદી પ્રાંતમાં હજારા સમુદાયના ૧૪ લોકોની હત્યા

કાબુલ , તા.૩૧

અફઘાનિસ્તાનથી અમેરિકી સેનાની વાપસીના બરાબર એક દિવસ પહેલાં ઈસ્લામિક સ્ટેટના આતંકીઓએ ૬ રોકેટ છોડ્યા હતા. જેમાંના ૫ રોકેટ કાબુલ એરપોર્ટ પર ટાર્ગેટ કરીને છોડવામાં આવ્યા હતા. જેનાથઈ અમેરિકી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સંપૂર્ણ રીતે નાશ પામી હતી. પ્રત્યક્ષદર્શીઓના કહેવા પ્રમાણે, છઠ્ઠું રોકેટ એક બિલ્ડિંગ સાથે અથડાઈને નીચે પડ્યું હતું. પંજશીરમાં અહમદ મસૂદ સાથે જોડાયેલાં સૂત્રોએ દાવો કર્યો છે કે તાલિબાનોએ ચારેતરફથી હુમલો કર્યો છે. પંજશીરના લડાકુઓ તેમને જવાબ આપી રહ્યા છે. આ પહેલાં તાલિબાની સૂત્રોએ કહ્યું હતું કે પંજશીરમાં કેટલાંક જૂથ તાલિબાનના સમર્થનમાં આવી રહ્યા છે. પંજશીર પર થયેલા હુમલાની પુષ્ટિ કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તાલિબાને ખદીર જિલ્લામાં હજારા સમુદાયના ૧૪ લોકોની હત્યા કરી દીધી છે. હજારા સમુદાય સાથે જોડાયેલા કાર્યકર્તાઓનો દાવો છે કે હજારા બહુલ જિલ્લાના દાયકુંદીમાં તાલિબાને નજીબા લાઈબ્રેરી અને કમ્પ્યુટર લેબમાં તોડફોડ અને લૂંટફાટ કરી હતી. હજારા પત્રકાર બશીર અહંગના કહ્યા પ્રમાણે આ લાઈબ્રેરીમાં સ્થાનિક હજારા સમુદાયનાં છોકરી-છોકરાં ભણી રહ્યાં હતાં. અફઘાનિસ્તાની અખબાર ઈતલેઆત રોજે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાને ૧૪ લોકોને માર્યા નાખ્યા હતા, જેમાંથી બે સામાન્ય નાગરિક છે. ત્યાં જ આવી બાબતો પર નજર રાખવાવાળા સ્થાનિક કાર્યકરે જણાવ્યું હતું કે અમે સ્વતંત્ર રીતે પીડિતો સાથે વાચતીત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો મર્યા હોવાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. પંજશીરમાં અહમદ મસૂદ સાથે જોડાયેલાં સૂત્રોએ દાવો કર્યો છે કે તાલિબાનોએ ચારેતરફથી હુમલો કર્યો છે. પંજશીરના લડાકુઓ તેમને જવાબ આપી રહ્યા છે. આ પહેલાં તાલિબાની સૂત્રોએ કહ્યું હતું કે પંજશીરમાં કેટલાંક જૂથ તાલિબાનના સમર્થનમાં આવી રહ્યા છે. પંજશીર પર થયેલા હુમલાની પુષ્ટિ કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તાલિબાને ખદીર જિલ્લામાં હજારા સમુદાયના ૧૪ લોકોની હત્યા કરી દીધી છે. હજારા સમુદાય સાથે જોડાયેલા કાર્યકર્તાઓનો દાવો છે કે હજારા બહુલ જિલ્લાના દાયકુંદીમાં તાલિબાને નજીબા લાઈબ્રેરી અને



કમ્પ્યુટર લેબમાં તોડફોડ અને લૂંટફાટ કરી હતી. હજારા પત્રકાર બશીર અહંગના કહ્યા પ્રમાણે આ લાઈબ્રેરીમાં સ્થાનિક હજારા સમુદાયનાં છોકરી-છોકરાં ભણી રહ્યાં હતાં.

અફઘાનિસ્તાની અખબાર ઈતલેઆત રોજે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાને ૧૪ લોકોને માર્યા નાખ્યા હતા, જેમાંથી બે સામાન્ય નાગરિક છે. ત્યાં જ આવી બાબતો પર નજર રાખવાવાળા સ્થાનિક કાર્યકરે જણાવ્યું હતું કે અમે સ્વતંત્ર રીતે પીડિતો સાથે વાચતીત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો મર્યા હોવાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. અફઘાનિસ્તાન પર કબ્જો કર્યા બાદ તાલિબાનની પાસે મોટા પ્રમાણમાં હથિયારો જમા થઈ ગયા હતા.

અમેરિકાએ અફઘાનિસ્તાનના સૈનિકોને અત્યારસુધીમાં જેટલો દારૂગોળો, હથિયાર, લડાકુ વિમાન, હેલિકોપ્ટર અને અન્ય સૈન્યનો સરસામાન આપ્યો હતો તે હવે સંપૂર્ણ રીતે તાલિબાના કબ્જા હેઠળ છે. તાલિબાને સામાન્ય લોકો પાસેથી પણ હથિયારો છીનવી લઈ મોટા પ્રમાણમાં હથિયારો ભેગા કર્યા છે. હજારા સમુદાયના કાર્યકર્તાએ આરોપ લગાવતા કહ્યું હતું કે દૂર દૂર સુધીના વિસ્તારમાં તાલિબાન જુલમ કરી રહ્યું છે અને અસલી તસવીર સામે આવી રહી નથી. દાયકુંદીમાંથી આવેલા અહેવાલ પ્રમાણે હજારા લડાકુ અને તાલિબાનો વચ્ચે ધમસાણ થયું હતું. તાલિબાને ડઝન જેટલા હજારા લડાકુઓને મારી નાખ્યા હતા. તાલિબાન સ્થાનિક જાસૂસી નેટવર્કની મદદથી હજારા લડાકુઓની ઓળખાણ કરવામાં આવી રહી છે. કેટલાક દિવસ પહેલાં એક નિર્દેશ જાહેર કરવામાં આવ્યો હતો. તાલિબાન પ્રવક્તા જબીહુલ્લાહ મુઝાહિદે ટ્વીટ કર્યું હતું કે, કાબુલ શહેરમાં જેની પાસે સરકારી વાહન, હથિયાર, દારૂગોળો અને અન્ય સરકારી સામાન છે, તે સ્વેચ્છાએ એક અઠવાડિયામાં સંબંધિત ઈસ્લામિક અમીરાતના અધિકારીઓને સોંપી દે. આ ઉપરાંત આ આદેશનો ઉલ્લંઘન કરનારાને ચેતવણી આપતા કહ્યું કે, જો કોઈ પાસે આ પ્રકારનો સામાન મળી આવશે તો તેમની ઉપર કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ હદારો લોકોએ મોટી સંખ્યામાં પોતાના હથિયાર જમા કરાવ્યા હતા. તાલિબાની લડાકુઓએ ઘરે ઘરે જઈને હથિયારોનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને હથિયારો કબ્જે કર્યા હતા.મોડી સાંજે આ હુમલાની જવાબદારી આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે લીધી હતી. સંગઠને પોતાના નશર ન્યૂઝથી ટેલિગ્રામ ચેનલ પર આ વાતની પુષ્ટિ કરી હતી. તેના પહેલાં ૧૬ ઓગસ્ટે કાબુલ એરપોર્ટ પર ફિદાયીન હુમલાની જવાબદારી આતંકી સંગઠનૈંજૈંજી - ખુરાસાન ગ્રુપે લીધી હતી. આ હુમલામાં ૧૩ અમેરિકી સૈનિક સહિત ૧૭૦ જેટલા લોકો માર્યા ગયા હતા.

### ભારતને ફાળે વધુ બે મેડલ

# હાઈજમ્પમાં મરિયપ્પન થંગવેલુએ સિલ્વર, શરદ કુમાર જીત્યો બ્રોન્ઝ મેડલ

ટોક્યો , તા.૩૧

ટોક્યો પેરાલિમ્પિકના ૭માં દિવસે આજે ભારતને ફાળે ફરી મેડલનો વરસાદ થયો. દિવસની શરૂઆતમાં સિંહરાજે પુરુષોના ૧૦ મીટર એર પિસતોલ સ્પર્ધાના ફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. જે બાદ પુરુષોના લોંગ જમ્પમાં્-૬૩ સ્પર્ધામાં મરિયપ્પન થંગવેલુ અને શરદ કુમારે મેડલ જીત્યા છે. જેમાં મરિયપ્પન થંગવેલુએ સિલ્વર જ્યારે શરદ કુમારે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે જ ભારતના મેડલની સંખ્યા ૧૦ થઈ ગઈ છે. આ પહેલાં સોમવારે પણ ભારતને બે ગોલ્ડ મેડલ સહિત કુલ પાંચ મેડલ મળ્યા હતા. ૧૦ મીટર એર પિસ્તોલ SH1ની ફાઈનલમાં ૩૯ વર્ષીય સિંહરાજ અધાનાએ ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અધાના ૨૧૬.૮ ના સ્કોર સાથે ત્રીજા સ્થાને રહ્યા. ૨૩૭.૯ પોઈન્ટ સાથે ચીનના યાંગ ચાઓ ગોલ્ડ જીતવામાં સફળ રહ્યો. જ્યારે ચીનના જ હોંગ જિંગના ખાતામાં સિલ્વર મેડલ આવ્યો હતો. ટોક્યો પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતના મેડલની સંખ્યા હવે ૮ થઈ ગઈ છે. જેમાં ૨ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સામેલ છે.શતમાં દિવસની શરૂઆતમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ SH1માં રૂબિના ફ્રાન્સિસે ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. રૂબિનાએ ક્વોલિફિકેશન રાઉન્ડમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ૫૬૦ પોઈન્ટ સાથે

૭માં સ્થાન સાથે તેણે P2 મહિલા ૧૦ મીટર એર પિસ્તોલ SH1 ની ફાઈનલમાં જગ્યા બનાવી.મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલની ફાઈનલમાં રૂબિના દ્વારા સારો દેખાવ કરવાની અપેક્ષા હતી પરંતુ તેણે ફાઈનલમાં નિરાશ કર્યા હતા. ફાઈનલના પહેલા એલિમિનેશન રાઉન્ડમાં રૂબિનાએ ૧૧૦.૫ ના સ્કોર સાથે છઠ્ઠા ક્રમે રહી હતી. આ પછી, બીજા રાઉન્ડનો સ્કોર ૧૨૮.૫ હતો અને તેને સાતમા સ્થાનથી સંતોષ માનવો પડ્યો હતો. રાકેશ કુમારે પુરૂષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ ઓપન ૧/૮ એલિમિનેશનમાં #SVK ના મેરિઆને મેરેક પર ૧૪૦-૧૩૭ની જીત બાદ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પણ ક્વાર્ટર ફાઈનલમાં ચીનના આય ઝિનલિયાંગે રાકેશને ૧૪૩-૧૪૫ થી હરાવ્યો હતો.જો કે, મનીષે એલિમિનેશન રાઉન્ડમાં બધાને નિરાશ કર્યા અને ૧૩૫.૮ પોઈન્ટ સાથે બહાર થઈ ગયો હતો. ૧૮ વર્ષીય મનીષ નરવાલે ક્વોલિફિકેશનમાં ટોપનું સ્થાન મેળવ્યું હતું, પરંતુ ફાઈનલમાં ધીમી શરૂઆતથી ૭માં સ્થાને રહ્યો હતો. સિમરન શર્મા મહિલાઓની ૧૦૦ મીટર્-૧૩ રેસમાં પાંચમા સ્થાને રહી હતી. તે પાંચમા સ્થાન સાથે ફાઈનલ માટે ક્વોલિફાય કરવાનું ચૂકી ગઈ. તેણે આ અંતર ૧૨.૬૯ સેકન્ડમાં પૂરું કર્યું. ટોક્યો પેરાલિમ્પિક ટેબલ ટેનિસની ક્લાસ ૪ અને ૫ ની ટીમ ઈવેન્ટમાં પણ ભારતનું ખરાબ પ્રદર્શન જોવા મળ્યું હતું. ભાવિના પટેલ અને સોનલબેન પટેલની જોડી ચીનની ઝોઉ યિંગ અને ઝાંગ બિયાનને સીધા સેટમાં હાર આપી. ચીનની જોડીએ ભારતીય ટીમને ૧૧-૨, ૧૧-૪, ૧૧-૨થી હરાવી હતી.

મહિલાઓની શોટપુટ સ્પર્ધામાં ભારતની ભાગ્યશ્રી જાધવે પણ નિરાશ કર્યા હતા. ભાગ્યશ્રી F34 ની ફાઈનલમાં ૭.૦૦ ના વ્યક્તિગત શ્રેષ્ઠ સાથે ૭માં સ્થાને રહી હતી.

આજે ટોક્યો પેરાલિમ્પિક્સમાં રિયો પેરાલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ જીતનાર મરિયપ્પન થંગાવેલુ પાસેથી દરેકને ઘણી જ આશાઓ હશે. મરિયપ્પન થંગાવેલુ હાઇ જમ્પના્૬૩ માં પડકાર આપશે.

ભારતે સોમવારે કુલ ૫ મેડલ જીત્યા હતા, જે અત્યાર સુધી કોઈપણ પેરાલિમ્પિક્સમાં જીત્યા નથી. અત્યાર સુધી ભારતે ટોક્યો પેરાલિમ્પિક ગેમ્સમાં કુલ ૮ મેડલ જીત્યા છે. આ ભારતનો અત્યાર સુધીની સૌથી સફળ પેરાલિમ્પિક્સ બન્યો છે. આ પહેલા ભારતે ૨૦૧૬ રિયો પેરાલિમ્પિક્સ અને ૧૯૮૪ પેરાલિમ્પિક્સમાં ૪-૪ મેડલ જીત્યા હતા.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિશ્વની સૌથી યુવાન લોકશાહી માટે નાગરિકતાના માર્ગનો પ્રેરણાસ્ત્રોત છેઃ સ્મૃતિ ઈરાની

કેવડિયા , તા.૩૧

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લઈને સરદાર સાહેબની પ્રતિમાને પદપૂજા કરીને ભાવાંજલી અર્પી હતી. આ મુલાકાત દરમ્યાન કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ગણપતભાઈ વસાવા, રાજ્યમંત્રી વિભાવરીબેન દવે, કેન્દ્રીય સચિવ પાંડે અને રાજ્યના સચિવ કે.કે.નિરાલા, SOUDTGA ના CEO રવિ શંકર સાથે જોડાયા હતા.એકતામાં શ્રેષ્ઠતાનું તે સાચા અર્થમાં ઉત્તમ પ્રતિક છે સ્થાનિકોને રોજગારી બાબતે મંત્રીને વાકેફ પણ કર્યા મંત્રીની મુલાકાત દરમ્યાન કેન્દ્રીય મહિલા આયોગના અધ્યક્ષા રેખા શર્મા,ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયા સાથે જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની વિશેષતા વિશે જનસંપર્ક અધિકારી રાહુલ પટેલે ઝીણવટભરી માહિતી આપી હતી અને સ્થાનિકોને રોજગારી બાબતે વાકેફ પણ કર્યા હતા.

વિવિધ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશો વચ્ચે રાષ્ટ્રીય કોન્ફરન્સ કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા-નર્મદા ખાતે દેશના વિવિધ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશો વચ્ચે યોજાયેલી દ્વિ-દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા માટે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની સોમવારે મોડી સાંજે કેવડીયા સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં રાજ્યના આદિજાતિ કલ્યાણ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવાએ સ્મૃતિ ઈરાનીનું સ્વાગત કરી તેમને આવકાર્યા હતાં.મંત્રીએ રેડિયો યુનિટી ૯૦ હ્લસ્નીની મુલાકાત લીધી કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે નવનિર્મિત કોમ્યુનિટી રેડિયો સ્ટેશન રેડિયો યુનિટી ૯૦ હ્લસ્ની મુલાકાત લઈને વાર્તાલાપ કર્યો હતો. વાર્તાલાપમાં તેમના વિભાગને લગતા તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકારે કરેલ કાર્યો પર ચર્ચા કરી હતી તેમજ રેડિયો જોકી તરીકે કામ કરતા તમામ ઈન્ન નાં પ્રશ્નોનો વિસ્તારપૂર્વક જવાબ આપ્યો હતો.

સરદાર સાહેબને ભાવાંજલિ આપતા મુલાકાત પોથીમાં તેમણે નોંધ્યું કે, જ્યારે દેશનો પ્રત્યેક નાગરિક સરદાર સાહેબને અનુસરવાની પ્રેરણા લેશે ત્યારે મજબૂત, સંવેદનસભર અને ધબકતા રાષ્ટ્રની પરિકલ્પના પૂર્ણ થશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી એ માત્ર સ્મારક નથી, તે વિશ્વની સૌથી યુવાન લોકશાહી માટે નાગરિકતાનાં માર્ગનો પ્રેરણાસ્ત્રોત છે, તેની છત્રછાયામાં મુક્તિ અને ગર્વની અનુભૂતિ થાય છે, એકતામાં શ્રેષ્ઠતાનું તે સાચા અર્થમાં ઉત્તમ પ્રતિક છે.

### પોતાના સૈનિકોને પહેલાં વિમાનમાં બેસાડ્યા, છેલ્લે પોતે બેઠા

# અમેરિકી સૈનિકોએ અડધી રાત્રે છોડ્યું કાબુલ એરપોર્ટ

કાબુલ , તા.૩૧

તાલિબાન સાથે થયેલા કરાર હેઠળ, અમેરિકાએ ૩૧ ઓગસ્ટ સુધીમાં અફઘાનિસ્તાનને સંપૂર્ણપણે છોડી દેવાનું હતું, પણ અમેરિકાએ ચોવીસ કલાક પહેલાં અફઘાનિસ્તાન છોડી દીધું. જેવા જ ચાર યુએસ લશ્કરી પરિવહન વિમાન સી-૧૭ એ કાબુલ એરપોર્ટ પરથી ઉડાન ભરી એની સાથે જ તાલિબાન લડવૈયાઓએ ઉજવણીમાં હવામાં ફાયરિંગ કર્યું હતું. અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સેનાની વાપસી થઈ ગઈ છે. કાબુલ એરપોર્ટ પરથી છેલ્લા અમેરિકન વિમાને ઉડાન ભરી હતી. આ સાથે જ વીસ વર્ષ પહેલાં અમેરિકાનું અફઘાનિસ્તાનમાં શરૂ થયેલું યુદ્ધ પણ સમાપ્ત થયું છે. અમેરિકન વિમાને ઉડાન ભરી તે પહેલાંજી આર્મીના મેજર જનરલ ક્રિસ ડોનહ્યુ અફઘાનિસ્તાનની ધરતી પરના અંતીમ સૈનિક હતા. મેજર હોવાના નાતે તેમણે સૌ પ્રથમ પોતાના સૈનિકોને વિમાનમાં બેસાડ્યા હતા, પછી પોતે સૌથી છેલ્લે ચડ્યા હતા. અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈન્યની વાપસી બાબતે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનનું નિવેદન પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે હવે અફઘાનિસ્તાનમાં અમારું ૨૦ વર્ષની સૈન્ય ઉપસ્થિતિ સમાપ્ત થઈ છે. અફઘાનિસ્તાનમાં ખતરનાક સ્થળોએ સેવા આપવા બદલ હું અમારા કમાન્ડરોનો આભાર માનું છું. વધુમાં જણાવ્યું હતું કે આ મિશનમાં કોઈ વધુ સૈનિકોએ જીવ ગુમાવ્યો ન હતો. અમેરિકન વિમાનોએ અફઘાનિસ્તાનની હવાઈ સીમા પણ છોડી ન હતી કે તાલિબાને અફઘાનિસ્તાનને અમેરિકા મુક્ત જાહેર કર્યું હતું. આ દરમિયાન, ર્દ્બંછસ્ (એરમેનને નોટિસ)એ ઈમર્જન્સી સંદેશ જાહેર કરીને કહ્યું કે કાબુલ એરપોર્ટ હવે કોઈના નિયંત્રણમાં નથી અને અહીં એર ટ્રાફિક નિયંત્રણ પણ નથી. આનો મતલબ એ છે કે અહીંથી વિમાન ટેકઓફ કે લેન્ડ કરવું સલામત નથી. કાબુલમાં તાલિબાનના પ્રવક્તા અમાનુલ્લાહ વાસીકે ટ્વિટર પર કહ્યું: ×કાબુલના લોકો ડરશો નહીં, આ ગોળીઓ હવામાં છોડવામાં આવી રહી છે. મુજાહિદો સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યા છે. સાથે જ તાલિબાનનું કહેવું છે કે તેના સ્પેશિયલ ફોર્સ બદરી ૩૧૩ એ કાબુલ એરપોર્ટની સુરક્ષા સંભાળી લીધી છે. બીજી બાજુ, જનરલ મેકેન્ઝીએ અફઘાનિસ્તાનથી અમેરિકન સૈનિકોની સંપૂર્ણ વાપસીની જાહેરાત કરી છે. જનરલ મેકેન્ઝીએ એ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાન છોડવાનો પ્રયાસ કરી રહેલા કેટલાક અમેરિકન નાગરિકો હજુ પણ અફઘાનિસ્તાનમાં જ રહી ગયા છે. અફઘાન અખબાર ઈતલેઆત રોઝે દાવો કર્યો છે કે દાયકુંદી પ્રાંતના ખદીર જિલ્લામાં તાલિબાન દ્વારા બે નાગરિક સહિત કુલ ૧૪ લોકોની હત્યા કરવામાં આવી છે. જ્યારે હજારા મામલા પર નજર રાખી રહેલ એક કાર્યકર્તાએ કહ્યું હતું કે અમે પીડિતો સાથે સ્વતંત્ર રીતે વાત કરી શકતા નથી, પરંતુ સ્થાનિક મીડિયાએ ૧૪ લોકો માર્યા ગયાના સમાચાર પ્રકાશિત કર્યા છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૪૨૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૧૯૧

## તંત્રી સ્થાનેથી...

### ત્રીજી લહેરની ચેતવણી વચ્ચે દેશમાં કોરોના કેસોમાં થઈ રહેલો વધારો ક્યાં લઈ જશે....?

વિશ્વભરમાં વિવિધ કુદરતી ઘટનાઓને લઈને આમ લોકોની પરેશાની વધતી ચાલી છે. વિશ્વના મોટાભાગના દેશો બે વર્ષથી કોરોનાનો સામનો કરી રહ્યા છે. કેટલાક દેશો કોરોના મુક્ત પણ થઈ ગયા છે પરંતુ તે આંગળીને વેઢે ગણાય તેટલા છે. જ્યારે કે અમેરિકા, યુરોપ જેવા દેશોમાં બીજી લહેરે બઘડાટી બોલાવી દીધી છે વિશ્વના નિષ્ણાતોએ અને વૈજ્ઞાનિકોએ ત્રીજી લહેર ત્રાટકવાની ચેતવણી આપતા વિશ્વના દેશોમાં ચિંતા ફરી વળી છે. ભારતમાં કોરોના લગભગ કંટ્રોલમાં આવી ગયો હતો પરંતુ કેરળ અને મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાએ વરવું સ્વરૂપ બતાવ્યું છે. કેરલમા ૩૦ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. જ્યારે દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૮ થી વધુના મોત થયા છે. કોરોના એ હવે પોતાનો કાળમુખો પંજો વધુ પસાર્યોછે.કર્ણાટક,તમિલનાડુ, મિઝોરમ રાજ્યમાં કેસો વધવા લાગ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૮ થી વધુ મોત થયા છે જેમાં કેરલમાં ૧૫૬, મહારાષ્ટ્રમાં ૧૨૮ ના મૃત્યુ થયા છે.ટુકમા કોરોનાએ હવે પોતાનો પંજો વધુ ફેલાવ્યો છે. કેન્દ્ર સરકારે રસીકરણ કરવામાં વધુ ઝડપ વધારવા માટે વિશેષ દયાન આપવા દરેક રાજ્યને જણાવવા સાથે આમ પ્રજાને ચેતવણી આપતા કહ્યું છે કે કોરોના હજુ ગયો નથી, અને દરેકે સાવચેત રહેવાની જરૂર છે. જ્યારે કે તબીબો અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર માસ્કનું પાલન કરવું જરૂરી છે.. તેમાં પણ વેક્સિન લીધેલ હોય તેવી વ્યક્તિઓએ પણ...... જો કે અનેક રાજ્યોએ કોરોના કંટ્રોલમા આવતા વ્યાપાર, ઉધોગો, નાના-મોટા ધંધા, રોજગાર સહિતના તમામને મોટા ભાગની છૂટછાટો આપી દીધી છે. તો કેટલાક રાજ્યોમાં રાજકીય કાર્યક્રમો જોરશોરથી શરૂ થઈ ગયા છે.. જેમાં સંખ્યાની મર્યાદા હોવા છતાં મોટી ભીડ જામતી રહે છે. બીજી તરફ જે તે રાજ્યમાં ધાર્મિક ઉત્સવો-તહેવારો તથા કાર્યક્રમો યોજવા પર સંખ્યા સહિત નિયમોનું પાલન કરવા સાથે મર્યાદાઓ નક્કી કરી તો આપી છે પરંતુ તેમા પણ માનવ ભીડ એકઠી થાય છે અને ત્યાં મોટા ભાગે માસ્કનો છેદ જ ઉડી ગયો હોય છે. જે ગંભીર બાબત બની રહેવાની સંભાવના છે અને આવી લોક ભીડ ત્રીજી લહેરને આમંત્રણ આપી રહી હોય તેવી અનુભૂતિ થઈ રહી છે.....!

દેશમાં એક તરફ કોરોનાનો ડર ફરી વળેલો છે તેવા સમયમા ઉત્તર પ્રદેશના પશ્ચિમી વિસ્તારમાં રહસ્યમય વાયરલ તાવ ફરી વળ્યો છે જેમાં એક જ અઠવાડિયામાં ૨૬ બાળકો સહિત ૫૦ છેના મોત થયા છે અને આ કારણે તબીબી જગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.ગુજરાતના અમદાવાદમાં વાયરલ તાવ ફરી વળ્યો છે, તે સાથે ચીકનગુનિયાના કેસો વધવા લાગ્યા છે. ત્યારે કોરોના કંટ્રોલમાં રહ્યો છે.. તે સાથે રસીકરણના કાર્યક્રમમાં ઝડપ વધારી દેવામાં આવી છે. બીજી તરફ રાજ્ય સરકારે ધોરણ ૬ થી ૮ ના અભ્યાસ વર્ગની શાળાઓ કોરોના નિયમના પાલન કરવા સાથે ખોલી નાખવાનો નિર્ણય કર્યો છે..... પરંતુ બાળ વિદ્યાર્થીઓ ડિસ્ટન્સ જાળવશે કે કેમ તે મોટો સવાલ છે.....! જ્યારે કે કર્ણાટકમાં શાળાના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ કોરોનાની ચપેટમાં આવી ગયા હતા, તેમજ મુંબઇની શાળામાં પણ વિદ્યાર્થીઓ કોરોનાની ચપેટમાં આવી ગયેલ... ઉપરાંત ગુજરાતમાં સુરત ખાતે ગત મહિને શાળાઓ ખોલતા ત્રણ વિદ્યાર્થીઓ કોરોના ની ચપેટમાં આવી ગયેલ અને આ કારણે વાલીઓમાં સામાન્ય ડર છે. છતાં બાળકોને રૂબરુ શિક્ષણ મળે તો તેનું ભવિષ્ય વધુ સારુ- ઉજ્વળ બની રહે... કારણ ઓનલાઇન શિક્ષણ કેવું રહ્યું છે તેનો અનુભવ વિદ્યાર્થી- વાલીઓને છે... અને એ કારણે વિદ્યાર્થીઓના આગ્રહ અને જીદ શાળાએ જવાની છે. કારણ રૂબરુ શિક્ષણ જેવો કોઈ વિકલ્પ નથી....જે વિદ્યાર્થીઓને સફળતાના શિખરો પાર કરવામાં સૌથી વધુ મદદરૂપ છેપ છે.....!



શ્રાવણ વદ આઠમ વિશ્વ હિન્દુ પરિષદ સ્થાપના દિવસ નિમિત્તે અડીયા તા . હારીજ સ્વયમભૂ દુધેશ્વર મહાદેવ મંદિર ના મહંત શ્રી ગજાનંદ ગીરીજી ના સ્વાસ્થ સબંધી ખબર અંતર લઈને આશિષ મેળવ્યા જે માં વિશ્વ હિન્દુ પરિષદ મહેસાણા વિભાગ ધર્માચાર્ય સંપર્ક સંયોજક નીતિનભાઈ વ્યાસ .પૂર્વ જેલ આઈ.જી આઈ.કે દેસાઈ ના સુપુત્ર નીતિનભાઈ દેસાઈ જે હાલ સાબર કાંઠા જિલ્લા યુવા મોરચો ભાજપ પ્રભારી અને હારીજ તાલુકા ભાજપા પ્રમુખ જયેન્દ્ર સિંહ વાઘેલા અને ચંદ્રુમાણા ગામ પુરાણી કિશોરભાઈ ઠાકર તથા સામજિક કાર્યકર રમેશભાઈ દરજી ની વિશેષ ઉપસ્થિતિ હતી. દીનાક ૩૦/૮/૨૦૨૧

જય શ્રી રામ ...જય ગૌરી મૈયા

# ગાંધીનગર લોકસભા ક્ષેત્રની સગર્ભા મહિલાઓ માટે લાડુ વિતરણ યોજનાનો શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ

આજરોજ ગાંધીનગર લોકસભા મતવિસ્તારના લોકલાડીલા સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રની સગર્ભા મહિલાઓ માટે ‘લાડુ વિતરણ યોજના‘નો શુભારંભ સાણંદ તાલુકાના નિધરાડ ગામ ખાતેથી કરાવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીશ્રીઓ દ્વારા શ્રી અમિતભાઇ શાહનું પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી અમિતભાઇ શાહે દેશ-દુનિયામાં વસતા કરોડો નાગરિકોને કૃષ્ણજન્મોત્સવના શુભ અને પાવન અવસર જન્માષ્ટમીની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતુ કે, ૫૧૦૦ વર્ષ પહેલાં જન્મેલા બહુમુખી, બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા એવા કૃષ્ણ જેમણે સમગ્ર વિશ્વને ધર્મના રસ્તા પર ચાલવાનો માર્ગ બતાવ્યો તેમનો જન્મદિવસ ફક્ત ભારતીયો જ નહીં દુનિયાના કરોડો લોકો ઉજવે છે, ગુજરાતવાસીઓ માટે ગર્વની બાબત છે કે, દ્વારકાને ભગવાન શ્રી કૃષ્ણે પોતાની કર્મભૂમિ બનાવી જીવનનો મોટો ભાગ અહીં વિતાવ્યો. આ પ્રસંગે શ્રી અમિતભાઇ શાહે પેરાલિમ્પિક્સમાં શાનદાર પ્રદર્શન કરી ૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતવા બદલ સૌ રમતવીરોને ભારતને ગૌરવ અપાવવા બદલ તેમની અથાગ મહેનતને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ગોલ્ડ મેડલ જીતનાર અવની લેખારા અને ગુજરાતની દીકરી ભાવિના પટેલને સિલ્વર મેડલ જીતવા બદલ અનેકાનેક શુભકામનાઓ પાઠવી હતી. શ્રી અમિતભાઇ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા આજના આ કાર્યક્રમમાં લાડુ વિતરણ યોજનાનો પ્રારંભ કરાવતાં તેમણે જણાવ્યું હતુ કે, શ્રી કૃષ્ણએ તેમની બાલ્યાવસ્થામાં બાળગોપાલ રૂપમાં અનેક અસુરોનો




સંહાર કર્યો હતો, બાળકોનું સ્વાસ્થ્ય કેવું હોવું જોઈએ તેનું ઉત્તમ ઉદાહરણ ‘બાળગોપાલ‘ છે. આજે જન્માષ્ટમીના પાવન દિવસે સગર્ભા મહિલાઓ માટે ‘લાડુ વિતરણ યોજના‘નો શુભારંભ કરવાનું સૌભાગ્ય મળ્યું છે, તેનો મને વિશેષ આનંદ છે. તેમણે જણાવ્યું હતું કે, સ્વસ્થ સમાજ માટે સ્વસ્થ બાળકો અને સ્વસ્થ બાળકો માટે સગર્ભાવસ્થા દરમિયાન માતાઓનું ઉત્તમ સ્વાસ્થ્ય અને ગર્ભમાં રહેલા બાળકના સર્વાંગી વિકાસ માટે પોષણક્ષમ આહાર અતિઆવશ્યક છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સ્વયંસેવી સંસ્થાઓના માધ્યમથી અને વહીવટી તંત્રના સહકારથી મતક્ષેત્રની ૭૦૦૦થી વધુ સગર્ભા બહેનોને કુપોષણ સામેની લડાઈ માટે દર મહિને ૧૫ મગઝના લાડુ વિતરિત કરવામાં આવશે. ચણાના લોટ, ઘી અને સાકરથી બનેલા ગુણકારી એવા મગઝના લાડુ શારીરિક, માનસિક વિકાસ માટે જરૂરી તત્વોથી ભરપૂર હોય છે તેમજ ઉર્જાનો પણ સ્ત્રોત છે જેના સેવનથી સાગર્ભઓને યોગ્ય પોષણ પણ મળી રહેશે. સગર્ભા મહિલાઓના સારા આરોગ્ય માટે મગઝના લાડુ તૈયાર કરવા બદલ તેમણે સ્વયંસેવી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ મંત્ર ‘સહી પોષણ, દેશ રોશન‘ને ધ્યાનમાં રાખી આપણે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાન ખાતેથી ૮ માર્ચ ૨૦૧૮થી દેશવ્યાપી પોષણ અભિયાનની શરૂઆત કરી પૌષ્ટિક આહાર અંગે જાગરૂકતા ફેલાવવાનું અભિયાન શરૂ કર્યું જેના ભાગરૂપે આજે કુપોષણ વિરુદ્ધ લડાઈનું આપણું અભિયાન જનઆંદોલનનું સ્વરૂપ લઈ રહ્યું છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, સગર્ભા મહિલાઓના સારા સ્વાસ્થ્ય માટે સરકાર સંપૂર્ણ રીતે ચિંતિત છે. છેલ્લા ૩ વર્ષમાં દેશની ૭.૫ કરોડ ગર્ભવતી મહિલાઓ તેમજ સ્તનપાન કરાવતી ૩.૫ કરોડ માતાઓને ફોલિક એસિડ સપ્લીમેન્ટ આપવામાં આવ્યા છે તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૬માં શરૂ કરેલ સુરક્ષિત માતૃત્વ અભિયાન હેઠળ ૩ કરોડથી વધુ મહિલાઓની પ્રસવ પૂર્વ તપાસ કરવામાં આવી છે. આજે દેશમાં કુપોષણ સંબંધિત પ્રશ્નોના સમાધાન માટે સરકારના ૧૮ મંત્રાલયો સામુહિક રીતે અભિયાન ચલાવી રહ્યા છે. ગુજરાત સરકારે પણ ગુજરાત કો. ઓપેરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સહાયથી ટેક હોમ રાશનના પેકેટ પોષણ માટે આપ્યા છે તે સરાહનીય છે.

શ્રી શાહે દરેક ગામના સરપંચને સરકારી યોજનાનો લાભ મળવાપાત્ર કોઈ પણ વૃદ્ધ, વિધવા યોજનાના લાભથી વંચિત ન રહી જાય તેમજ આયુષમાન ભારત જેવી આશીર્વાદરૂપ યોજનાનો લાભ સૌ લાભાર્થીઓને મળે તેની ચિંતા કરવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સાથે નિર્બળ, ગરીબ, પછાત વર્ગ તેમજ મહિલાઓના સશક્તિકરણ માટે આપણે સૌ સજ્જ બનીએ, આપણાં દાયિત્વનું સંપૂર્ણતઃ નિર્વહન કરીએ. શ્રી શાહે સૌ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ સરકારી અધિકારીઓ અને વહીવટી તંત્રને સરકારની તમામ યોજનાઓને છેવાડાના માનવી સુધી લઈ જઈ મળવાપાત્ર તમામ લાભ નાગરિકને અપાવવા માટે આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આપણે સૌ સાથે મળી, આપણા સહિયારા પ્રયાસોથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રને દેશનંદ સૌથી વિકસિત ક્ષેત્ર બનાવવામાં અવશ્ય સફળ થઈશું તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. આ પ્રસંગે શ્રી અમિતભાઇ શાહના હસ્તે આંગણવાડીની બહેનોને બાળકોને વિતરણ કરવા માટે પૌષ્ટિક ફ્રૂટ બાસ્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજના આ કાર્યક્રમમાં ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, સાણંદના ધારાસભ્યશ્રી કનુભાઈ પટેલ, ઉત્તમ ડેરીના ચેરમેનશ્રી મોહનભાઇ ભરવાડ, ગાંધીનગર જિલ્લાના પ્રભારીશ્રી હર્ષદભાઈ પટેલ, જિલ્લા/તાલુકા પંચાયત/ નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો, અમદાવાદ તેમજ ગાંધીનગરના જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સરપંચશ્રીઓ, સ્વયંસેવી સંસ્થાઓના અગ્રણીશ્રીઓ તેમજ લાભાર્થી સગર્ભા બહેનો ઉપસ્થિત રહી હતી.

# આગામી ૪ દિવસ માટે સામાન્યથી ભારે વરસાદની આગાહી

અમદાવાદ , તા.૩૧

થોડા દિવસના વિરામ બાદ રાજ્યમાં ફરી મેઘમહેર જોવા મળી રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ તેમજ ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૫ તાલુકામાં અડધાથી ૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે, જેમાં સૌથી વધુ પંચમહાલના મોરવાહડફ તાલુકામાં ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ત્યાર બાદ પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, મહેસાણા, તાપી, ગાંધીનગર, છોટાઉદેપુર, ખેડા, અરવલ્લી, અમદાવાદ સહિતમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. બીજી તરફ, હવામાન વિભાગે આગામી ૪ દિવસ માટે રાજ્યમાં સામાન્યથી ભારે વરસાદની આગાહી કરી છે. જૂનાગઢ, ભાવનગર, અમદાવાદ, મોરબી, કચ્છ, રાજકોટ, પાટણ, સુરેન્દ્રનગર, ગીર-સોમનાથ, સુરત, મહેસાણા, વડોદરા સહિતના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદ નોંધાયો છે.બીજી તરફ રાજ્યના અન્ય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી ચાર દિવસમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. એટલે કે ૩૧મી ઓગસ્ટ બાદ પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ડાંગ, તાપી, નવસારી વલસાડમાં ભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં આણંદ અને ભરૂચમાં અતિ ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત ખેડા, વડોદરા, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, રાજકોટ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં ભારે વરસાદ થઈ શકે છે.

# ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ અમદાવાદ શહેરના વિકાસકામોની સમીક્ષા કરતાં ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારમંત્રી શ્રી અમિતભાઇ શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિતભાઇ શાહે આજે તેમના મતવિસ્તારમાં સમાવિષ્ટ અમદાવાદ શહેર-જિલ્લાના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આ બેઠકમાં વિભિન્ન પ્રશ્નો વિશે વિગતવાર ચર્ચા-વિમર્શ કરી લોકોને સ્પર્શતા પ્રશ્નોનો ઝડપથી નિકાલ લાવવાની તાકીદ કરી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શહેરના તળાવો વધુ આકર્ષક બને તે માટે કામો કરવા અનિવાર્ય છે.સાથે સાથે તેમણે શહેરના તળાવોમાં બારેમાસ પાણી રહે તેવું આયોજન માટે તાકીદ કરી હતી. શહેરના ૨૧ જેટલા તળાવોને વધુ આકર્ષક બનાવવા માટે અસરકારક નાંણાકીય આયોજન કરવા તેમજ તેમાં ગટરપાણી ન ભળે તેની તાકીદ કરી આ માટે તજજ્ઞનું માર્ગદર્શન મેળવી કામ ટુંક સમયમાં પુર્ણ કરવા પણ મંત્રીશ્રીએ સુચન કર્યું હતું.

મંત્રીશ્રીએ વૃક્ષારોપણ અને તેની જાળવણીની હિમાયત કરતાં કહ્યું કેવૃક્ષો આપણા અસ્તિત્વ માટે જરૂરી છે ત્યારે, વૃક્ષારોપણની સાથે સાથે તેના જતન-સંવર્ધન અને સર્વાઈવલ રેટ વધે તે પણ એટલું જ જરૂરી છે. કયા વિસ્તારમાં કેટલા વૃક્ષો વાવ્યા, તેની જાળવણી અને તેના સંવર્ધન માટેની શી વ્યવસ્થા કરાઈ છે તે અંગેની ઝીણામાં ઝીણી વિગતો મંત્રીશ્રીએ મેળવી હતી.

શહેરી ગરીબો અને જરૂરિયાતમંદો માટે આવાસો એ સમયની માંગ છે ત્યારે હાઉસીંગ પોલીસીમાં ગરીબોને સત્વરે આવાસો મળે તે માટે તેમને પ્રાથમિકતા આપવા જણાવી મંત્રીશ્રી કહ્યું કે, દરેક માનવીને પોતાનું ઘરનું ઘર બનાવવાનું સ્વપ્ન હોય છે એ સ્વપ્ન સાકાર થવું જોઈએ.

આ બેઠકમાં ધારાસભ્યો-જનપ્રતિનિધીઓએ ઉપસ્થિત કરેલા જન સુખારીના કામો સત્વરે પુર્ણ કરવા મંત્રીશ્રી અમદાવાદ મહાનગરપાલિકાના અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી. સાથે સાથે શહેરમાં હાથ ધરાયેલી રસીકરણ કામગીરીની સમીક્ષા કરી રસીકરણ વધુ વેગવાન બનાવવા પણ સુચના આપી હતી.

ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરાયેલા કામોની સમીક્ષામાં જણાવાયું હતું કે, વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧માં રૂ. ૭૬૮.૨૦ કરોડના ખર્ચે પાણી, ડ્રેનેજ, હાઉસીંગ, રોડ, બ્રીજ, અંડરપાસ, બગીચા બનાવવા સહિત ૨૩૨ જેટાલા કામો પુર્ણ થયા છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં અંદાજે રૂ. ૨૮૭૩.૪૪ કરોડના ૧૮૬ કામો હાલ પ્રગતિમાં છે. અને રૂ. ૧૮૦૧.૬૮ કરોડના ખર્ચે ૧૬૮ વધુ કામો આયોજન હેઠળ છે. આમ, ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ વિસ્તારોમાં કુલ મળીને રૂ. ૫૪૪૩.૨૦ કરોડના ખર્ચે જન સુવિધાના કામો ઉભા કરાનાર છે

આ ઉપરાંત ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ નારણપુરા, સાબરમતી, ઘાટલોડીયા અને વેજલપુર વિધાનસભા વિસ્તારમાં રસીકરણ અંતર્ગત લગભગ ૮૭ % લોકોને પ્રથમ ડોઝ અપાયો છે, તે અંગેનું પ્રેઝન્ટેશન પણ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજૂ કર્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં વૃક્ષારોપણનો ચિતાર આપતા જણાવવામાં આવ્યું હતુ કે, ચાર વિધાનસભા વિસ્તારોમાં કુલ ચાલુ વર્ષે ૩.૪૪ લાખ વૃક્ષોનું વાવેતર કરાયું છે. શ્રી અમિતભાઈએ અમદાવાદ મ્યુનિસિપ કોર્પોરેશન દ્વારા હાથ ધરાઈ રહેલા સ્પેશિયલ પ્રોજેક્ટમાં પણ વિશેષ રૂચિ દાખવી હતી. તેમણે નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, પલ્લવ-પ્રગતિનગર સ્પ્લીટ ફ્લાય ઓવ્ર બ્રીજ, સીંધુભુવન પાસે નિર્માણાધિન મલ્ટીલેવલ પાર્કીંગ, જાસપૂર ખાતે બનતા ૨૦૦ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સીમ્સ હોસ્પિટલ ફોર લેન ઓવરબ્રીજ, છારોડી તળાવ, બોપલ ઈકોલોજી પાર્ક જેવા પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા કરી અને તમામ કામો સમયમર્યાદામાં પુરા થાય તેવી અધિકારીઓને તાકીદ પણ કરી હતી. આ બેઠકમાં મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, કિશોરભાઈ ચૌહાણ, અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, અગ્રણી શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી શ્રી મુકેશકુમાર, સહિત અમદાવાદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભૂતકાળને ભૂલી ભવિષ્ય તરફ આગળ વધો




મેધા પંડ્યા ભટ્ટ

રાકેશના લગ્ન સલોની સાથે નક્કી થયાં હતાં. સગાઈ સમયે જ્યારે રાકેશની પ્રેમિકા અંજનાએ અચાનક આવી તેને અભિનંદ આપ્યા તો રાકેશ પોતાની સામે તેનો જ ભૂતકાળ જોઇને ચોંકી ઊઠ્યો. તે ન તો અંજનાને કંઈ કહી શક્યો કે ન તો સલોની સાથે તેની ઓળખાણ કરાવી શક્યો. તેના આ વ્યવહારથી અંજના વધુ આઘાત પામી.



જો તમે પણ તમારા પ્રેમી કે પ્રેમિકાને અચાનક તમારી સામે આવીને ઊભેલા જુઓ તો તમને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે, પણ સંબંધને સાચવવો પણ કળા છે. તેને જોઇને મોં ફેરવી લેવા જેવું વર્તન કરવાના હો તો એકવાર જરૂર વિચારી લો કે ક્યાંક તમે ભૂલ તો નથી કરી રહ્યા ને. જો તમારા મનમાં એવો કોઈ ડર હોય કે તમારા ભૂતપૂર્વ પ્રેમી કે પ્રેમિકા તમારા ભવિષ્યમાં બીજા સાથે જોડાતા સંબંધમાં વિલનની ભૂમિકા અદા કરીને સંબંધને છિન્નભિન્ન કરી દેશે તો આ સંજોગોમાં તમે તમારા ભૂતકાળને વર્તમાનમાં ખુલ્લો ન કરો તે જ યોગ્ય બની રહેશે. ભૂતકાળને ભૂલી જવામાં જ શાણપણ છે. એટલે કે પ્રેમિકાને કે પ્રેમિની, તમારા જેની સાથે લગ્ન થવાનાં છે તેની સાથે ઓળખાણ કરાવવી કે ન કરાવવી, એના વિશે જણાવવું કે ન જણાવવું એ નિર્ણય તમારે જ લેવાનો છે. તમે ભલે ગમે તે નિર્ણય લો, પરંતુ દરેક પરિસ્થિતિમાં તમારી સાચીખોટી બાબતોનો ખ્યાલ રાખો.

તમારા લગ્ન જેની સાથે થવાનાં છે તેની સાથે તમારા ભૂતપૂર્વ પ્રેમી કે પ્રેમિકાનો પરિચય કરાવવા ન ઈચ્છતા હો ત્યારે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખો. જેમાં તમારા ભૂતપૂર્વ પ્રેમી કે પ્રેમિકા સાથે જ્યારે તમે કોઈ સંબંધ ન રાખવા માંગતા હો ત્યારે તેને તમારા લગ્નમાં ન બોલાવો. જો તે અચાનક ત્યાં આવી પણ પહોંચે તો તેને ઓળખતાં ન હો તેવો વ્યવહાર કરવો કે પછી માત્ર એક મિત્ર તરીકેનો વ્યવહાર કરવો. જો તમારા મિત્રો મજાકમાં પણ તમારી જેની સાથે સગાઈ થઈ છે તે વ્યક્તિની સામે તમારા પ્રેમી કે પ્રેમિકાનું નામ લઈ પણ લે તો તમે તેને મજાકમાં ઉડાવી દો. એ ભૂલી જજો કે ભૂતકાળમાં તમારે કોઈ પ્રેમી કે પ્રેમિકા હતી. કેટલાક સંબંધો લાગણીના અને વિશ્વાસના દોરાથી બંધાતા હોય છે. જો શરૂઆતમાં જ તેનો દોરો નબળો પડી જશે તેને તૂટતા વાર નહીં લાગે.

ભૂતપૂર્વ પ્રેમી કે પ્રેમિકાની દરેક નિશાનીઓને કૂવામાં ફેંકી દો એટલે કે પોતાના અગાઉના પ્રેમપ્રસંગો દરમિયાન તમે જે ગિફ્ટનું આદાનપ્રદાન કર્યું હોય તેને ફેંકવામાં જ ભલાઈ સમજો. તેની જગ્યાએ સગાઈ થયેલી વ્યક્તિ દ્વારા આપવામાં આવેલી ગિફ્ટને સ્થાન આપો. તમારી જેની સાથે સગાઈ થઈ છે તેને એ બાબતનો બિલકુલ ખ્યાલ ન આવવા દો કે તેના આવ્યા પહેલાં તમારા જીવનમાં અન્ય કોઈ વ્યક્તિ હતી. જો તમે તમારા પ્રથમ પ્રેમની બાબતમાં મિક્સ વિચારો નથી ધરાવતા અને સગાઈ થયેલ વ્યક્તિ સાથે તેની ઓળખાણ કરાવવામાં કોઈ વાંધો ન હોય તો તેની સાથે ઓળખાણ કરાવતી વખતે પણ કેટલીક બાબતોનું જરૂર ધ્યાન રાખોઃ

સગાઈની વિધિમાં પોતાના ભૂતપૂર્વ પ્રેમી કે પ્રેમિકાને જરૂર બોલાવો અને સગાઈ થનાર વ્યક્તિ સાથે તેને મેળવતી વખતે એવી રીતે રજૂઆત કરો કે તમારા પ્રેમી કે પ્રેમિકા હવે તમારા માટે એક મિત્રથી વધુ કંઈ જ નથી. સગાઈ થયેલી વ્યક્તિને જણાવો કે સારું થયું કે તમારો તમારા પ્રેમી સાથેનો સંબંધ તૂટી ગયો, નહીં તો તમારું તેની સાથે મિલન ક્યાંથી થયું હોત. સગાઈ થયેલી વ્યક્તિ સાથે તેનો માત્ર થોડોઘણો પરિચય જ કરાવવો. ‘તારી પહેલાં મારા દિલના ખૂણામાં એનો નિવાસ હતો એ તો એક ભાડુઆત તરીકેનો હતો, પરંતુ તું તો મારા દિલનો પૂરો માલિક કે મલ્લિકા છો’ એવા અંદાજમાં કરાવવામાં આવેલો પરિચય સગાઈ થયેલી વ્યક્તિને પણ ખરાબ નહી લાગે.

સંબંધની શરૂઆત ક્યારેય જૂઠાણાના પાયા પર ન કરો. પોતાના પહેલાંના પ્રેમી કે પ્રેમિકા વિશે સગાઈ થયેલ વ્યક્તિને જણાવી દો અને તેને વિશ્વાસમાં લેવાનો પ્રયત્ન કરો. તમારા પ્રેમી કે પ્રેમિકા સાથે પહેલાં તમારો જે પણ સંબંધ રહ્યો હોય પરંતુ સગાઈ બાદ તો આ સંબંધને મિત્રતા સુધી જ મર્યાદિત રાખો કેમકે જો આ સંબંધ મર્યાદાની સીમા વટાવશે તો સગાઈ તૂટી પણ શકે છે.

સગપણના સંબંધને સાત જનમ સુધી નિભાવવાનો હોય છે, જ્યારે પ્રેમસંબંધ તૂટી ગયા પછી તેને જોડવાનો ફરી પ્રયત્ન ક્યારેય સફળ થતો નથી. દૂધમાં ને દહીંમા બંને જગ્યાએ પગ રાખવા કરતા બેમાંથી એકને સ્વાકારવું વધારે યોગ્ય રહે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાવણ માસના લોક મેળા.લોકોત્સવ,. માનવતા,ધાર્મિકતા, આધ્યાત્મિકતા" વિષયક રચનાઓ(૦૧-૯-૨૦૨૧)દિવસ - ૨

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS No : 100
પ્રકાર - ગદ્ય
શીર્ષક : આવાહન - વાહન
કૃષ્ણ - અર્જુન

કૃષ્ણ સાધક નથી, તેને સાધક કહેવું ખોટું થશે કારણ તે એક સિદ્ધ, પારંગત, જીવનની તમામ કળાઓમાં નિપુણ કલાકાર છે. અને તે આ સિદ્ધ અવસ્થામાં, મનની આ અંતિમ અવસ્થામાં જે કહે છે તે તમને અહંકારી લાગે છે, પણ એવું નથી. મુશ્કેલી એ છે કે કૃષ્ણને તમારી જેમ જ ભાષાકીય "હું" નો ઉપયોગ કરવો પડે છે, પરંતુ તેમના "હું" અને તમારા વચ્ચેના અર્થમાં જબરદસ્ત તફાવત છે. જ્યારે તમે "હું" કહો છો ત્યારે તેનો અર્થ તમારા શરીરની અંદર કેદ થયેલ છે, પરંતુ જ્યારે કૃષ્ણ કહે છે ત્યારે તેનો અર્થ એ છે કે જે સમગ્ર બ્રહ્માંડમાં ફેલાય છે.

આથી તે અર્જુનને કહેવાની હિંમત ધરાવે છે, "બાકીનું બધું છોડી દે અને મારા ચરણોમાં આવો." જો તે તમારા જેવો જ "હું" હોત - શરીરનો કેદી - તેના માટે આવી વસ્તુ કહેવી અશક્ય હશે. અને જો કૃષ્ણનો "હું" તમારા જેટલો નાનો હોત તો અર્જુનને નુકસાન થયું હોત. અર્જુને તરત જ જવાબ આપ્યો હોત, “તમે શું કહો છો? પૃથ્વી પર હું તમારી સમક્ષ શા માટે શરણું? અર્જુનને ખરેખર ખૂબ દુખ થયું હોત, પણ તે આ સાંભળી દુઃખી ના થયો.

કૃષ્ણને સમજવું ખરેખર મુશ્કેલ છે. તે સમજવું સહેલું છે કે માણસે શાંતિ શોધવી હોય તો તેણે દુનિયામાંથી ભાગી જવું જોઈએ, પરંતુ બજારના મોટા ભાગમાં શાંતિ મળી શકે છે તે સ્વીકારવું ખરેખર મુશ્કેલ છે. તે સમજી શકાય તેવું છે કે જો માણસ તેના જોડાણોથી તૂટી જાય તો તે મનની શુદ્ધતા પ્રાપ્ત કરી શકે છે, પરંતુ તે સમજવું ખરેખર મુશ્કેલ છે કે સંબંધો અને જોડાણોની વચ્ચે પણ કોઈ સંપર્ક વિનાનો અને નિર્દોષ રહી શકે છે, તે શાંત અને સ્થિર ચક્રવાતના કેન્દ્રમાં પણ રહી શકે છે.

એ સ્વીકારવામાં કોઈ મુશ્કેલી નથી કે મીણબત્તીની જ્યોત સ્થિર રહેશે અને હજુ પણ પવન અને વાવાઝોડાથી સારી રીતે એકાંતવાળી જગ્યાએ રહેશે, પરંતુ તમે કેવી રીતે માની શકો કે મીણબત્તી તોફાની તોફાન અને વાવાઝોડા વચ્ચે પણ સતત સળગતી રહી શકે છે? તેથી કૃષ્ણની નજીકના લોકો માટે પણ તેને સમજવું મુશ્કેલ છે. તમે બહારથી ન્યાય કરી શકતા નથી કે માણસ શાણો છે કે મૂર્ખ છે કારણ કે કેટલીકવાર તેમના કાર્યો સમાન હોઈ શકે છે.

કૃષ્ણ અર્જુનને ગીતામાં કહે છે, “લડો, પણ ભગવાનને સંપૂર્ણ શરણાગતિ સાથે લડો. તમે વાહન બનો. ” હવે, શરણાગતિનો અર્થ સંપૂર્ણ જાગૃતિ છે, અન્યથા તમે શરણાગતિ આપી શકતા નથી. શરણાગતિ એટલે અહંકાર છોડવો, અને અહંકાર એ તમારી બેભાનતા છે. કૃષ્ણ કહે છે, “અહંકાર છોડો અને પછી તેને ભગવાન પર છોડી દો. પછી તેની ઇચ્છા પૂર્ણ થવા દો. પછી જે થાય તે સારું છે. ”

અર્જુન દલીલ કરે છે. વારંવાર અને તે નવી દલીલો લાવે છે અને તે કહે છે, "પરંતુ આ લોકોને મારવા માટે - નિર્દોષ લોકોને, તેઓએ કંઈ ખોટું કર્યું નથી - માત્ર રાજ્ય માટે ઘણા લોકોને મારવા માટે, આટલી હિંસા, આટલી હત્યા, આટલું લોહીલુહાણ ... તે કેવી રીતે યોગ્ય હોઈ શકે? રાજ્ય માટે આ લોકોની હત્યા કરવાને બદલે હું ત્યાગ કરવા અને જંગલમાં જઈને સાધુ બનવા માંગુ છું. ”

હવે, જો તમે માત્ર બહારથી જુઓ તો અર્જુન કૃષ્ણ કરતાં વધારે ધાર્મિક લાગે છે. અર્જુન કૃષ્ણ કરતાં વધુ ગાંધીવાદી લાગે છે. કૃષ્ણા બહુ ખતરનાક લાગે છે. તે કહે છે, “સાધુ બનવાની અને હિમાલયની ગુફાઓમાં ભાગી જવાની આ બધી બકવાસ છોડી દે. તે તમારા માટે નથી. તમે બધું ભગવાન પર છોડી દો. તમે નક્કી કરતા નથી, તમે આ નિર્ણય છોડી દો. તમે ફક્ત આરામ કરો, છૂટથી રહો, અને તેને તમારામાં ઉતરવા દો અને તેને તમારામાંથી વહેવા દો. પછી, ગમે તે થાયપ. જો તે તમારા દ્વારા સાધુ બનવા માંગે છે, તો તે સાધુ બનશે. જો તે તમારા દ્વારા યોદ્ધા બનવા માંગે છે, તો તે યોદ્ધા બનશે.

અર્જુન વધુ નૈતિક, શુદ્ધવાદી લાગે છે. કૃષ્ણ તદ્દન અલગ લાગે છે. કૃષ્ણ એક બુદ્ધ છે, એક જાગૃત વ્યક્તિ છે. તે કહે છે, "તમે નક્કી ન કરો. તમારી બેભાનતામાંથી, તમે જે પણ નક્કી કરો છો તે ખોટું થશે, કારણ કે બેભાનતા ખોટી છે. ” અને મૂર્ખ વ્યક્તિ બેભાન અવસ્થામાં રહે છે. ભલે તે સારું કરવાનો પ્રયત્ન કરે, પણ હકીકતમાં તે ખરાબ કરવામાં જ સફળ થાય છે.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

---

NOG. SS NO.0095
વિષય :-- શ્રાવણી મેળા , માનવતા , ધાર્મિકતા, આધ્યાત્મિકતા , રાધા – કૃષ્ણ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- “ નિષ્કલંક મહાદેવનો મેળો “

સૌરાષ્ટ્રમાં ભાવનગરમાં ભરાતો કોળિયાકનો મેળો બહુજ જાણીતો છે .જે ભાદરવી અમાસને દિવસે ભરાય છે .એનું ધાર્મિક મહત્વ પણ છે . મહાભારતનાં યુદ્ધ પછી પાંડવો અહીં આવ્યા હતા .કોળિયાકનાં સમુદ્ર કિનારે એમણે દેવાધિદેવ મહાદેવની સ્થાપના કરીને વેદોક્ત વિધિથી પુજા કરી હતી .જેનાથી યુદ્ધમાં કરેલી હિંસાના પરિણામે લાગેલા કલંકથી એમને મુક્તિ મળી હતી અને તેઓ નિષ્કલંક થયા હતા ,તેથી જ આ મહાદેવ નિષ્કલંક મહાદેવ તરીકે ઓળખાય છે .

આ શિવલીંગ સમુદ્રમાં આવેલ હોવાથી ઓટના સમયે જ તેના દર્શન થાય છે .અહીં દર વર્ષે શ્રાવણ વદ ચૌદશે અને ભાદરવી અમાસે મેળો યોજાય છે .આ દિવસે નિષ્કલંક મહાદેવનાં મંદિરે ભાવનગરના મહારાજાના હસ્તે બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે .

એવું કહેવાય છે કે જ્યારે મહાભારતનું યુદ્ધ પૂરું થયું હતું ત્યારે પાંડવો બહુજ દુખી થઈ ગયા હતા. પોતાનાં જ સગાઓને મારી નાખવાનું તેમણે પાપ કર્યું હતું તેથી એમનો આત્મા એમને ડંખતો હતો .એમણે ભગવાન શ્રી કૃષ્ણને આ સમસ્યાનો ઉકેલ લાવવાની વિનંતી કરી હતી. ભગવાને એમને એક કાળી ગાય અને એક કાળો ધ્વજ આપીને કહ્યું હતું કે આ ધ્વજ સાથે રાખીને આ ગાયની પાછળ જવું. જ્યારે આ ગાય અને ધ્વજ સફેદ થાય ત્યારે એમ સમજજો કે તમને માફી મળી ગઈ છે .પણ સાથે એમ પણ કહ્યું હતું કે પછી તમારે ભગવાન શંકરનું પ્રાયશ્ચિત તપ કરવું પડશે .હવે જ્યારે તેઓ ફરતા ફરતા કોળિયાકનાં દરિયા કિનારે પહોંચ્યા ત્યારે ગાય અને ધ્વજનો રંગ બદલાઈ ગયો . પાંચેય ભાઈઓએ ત્યાં જ શિવની પુજા કરવાનું નક્કી કર્યું. એમની સામે જ પાંચ સ્વયંભૂ લિંગ પ્રગટ થયા અને પાંડવો એમની પુજા કરીને નિષ્કલંક થયા હતા .આ પુજા પાંડવોએ ભાદરવાની અમાસની રાત્રે કરી હતી તેથી દર વર્ષે ભાદરવી અમાસે અહીં મેળો ભરાય છે .

આ સ્થળ દરિયાની વચ્ચે આવેલું છે .ભરતી વખતે પાણીમાં ડૂબી જાય છે .દિવસના અમુક કલાક પુરતું જ ત્યાં સુધી જઈ શકાય છે જ્યારે ઓટ હોય ત્યારે ભક્તો છેક ત્યાં પગે ચાલીને જઈ શકે છે .એવું પણ કહેવાય છે કે મૃત્યુ પછી મોક્ષ પ્રાપ્ત થાય માટે અહીં અસ્થિ પધરાવાય છે . સમુદ્રમાં ગમે તેટલી ભરતી આવે પણ અહીં ચડાવેલી ધજા એમજ ફરકતી રહે છે .એને કે શિવલીંગ ને કે દરેક શિવલીંગની સામે બિરાજેલા નંદીને પણ કદી નુકશાન થયું નથી.બસ આ છે અહીંની કથા .

દીપિકા ચાવડા “ તાપસી. “

---

NOG:SS:NO.:0101
વિષયઃ શ્રાવણી મેળા માનવતા , ધાર્મિકતા ,આધ્યાત્મિકતા, રાધા -કૃષ્ણ
પ્રકારઃ ગદ્ય-પદ્ય
શીર્ષકઃ શ્રાવણ માસના હિંડોળા
લેખન : ભરત સાંગાણી

કવિ કાલિદાસે લખ્યું છે, ‘ઉત્સવપ્રિયઃખલુ માનવાઃ(l માણસો ઉત્સવપ્રિય હોય છે. ઉત્સવો આર્ય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. પ્રતિવર્ષ અષાઢ-શ્રાવણ માસની વરસાદી મૌસમમાં હિંડોળાનો ઉત્સવ ઉજવાય છે. અષાઢ વદ બીજથી મંદિરોમાં ભક્તો કલાયુક્ત હિંડોળા બનાવે છે. ઠાકોરજીને હિંડોળામાં પધરાવી સાયંકાળે આરતી બાદ હિંડોળાનાં પદો ભક્તિભાવપૂર્વક ઝીલે છે અને ઝુલાવે છે. ચાર્તુમાસમાં ભગવાનના હિંડોળાનો ખૂબ જ મહિમા છે. મંદિરોમાં ભગવાનને લાડ લડાવવા વિવિધ હિંડોળા શણગાર કરવામાં આવે છે. ભક્તોને હેતથી ઝૂલવાનો અવસર એટલે હિંડોળા.

હિંડોળાના અનેક પ્રકારો છે તેમાં બગીચામાં હીંડોળા, સોનાના, શાકભાજીના કલાત્મક હીંડોળા, પવિત્રાના હિંડોળા, શ્રાવણ ભાદોના, સુકા મેવાના, લીલા મેવાના મુખ્ય છે. શ્રાવણ ભાદોના હિંડોળા ભક્તોને વધુ આકર્ષે છે. હિંડોળાના અનેક પદો વ્રજભક્તોએ ગાયા છે. તેમાં જુદા જુદા રાગ છે.

ગુ જરાતની વૈષ્ણવ હવેલીઓ રાજા રણછોડના મંદિરોમાં ઉજવાઇ છે ભવ્ય હિંડોળા મહોત્સવ! હિંડોળા મહોત્સવ એટલે પ્રભુને ઝરમરીયા વરસાદમાં ઝુલાવવાનું પર્વ. અષાડ વદી ૨ થી શ્રાવણ વદી ૨ પ્રત્યેક વર્ષે મંદિરોમાં આ દિવ્ય ઉત્સવ ઉજવવામાં આવે છે. હિંડોળા પર્વ વ્રજનો આ ઉત્સવ છે. ભગવાન બાલ કૃષ્ણલાલ કદમની ઝાડની ડાળીઓ પકડી ઝૂલ્યા હતા. તેની લીલાઓ યાદ કરી આ પર્વ ઉજવાય છે.

નાથદ્વારામાં શ્રીજી સ્વરૂપે ડાકોરમાં રાજા રણછોડરાય સ્વરૂપે અમદાવાદના જગન્નાથ મંદિરમાં જગન્નાથ સ્વરૂપ પંઢરપુરમાં વિઠ્ઠલનાથ સ્વરૂપે પ્રભુને ઝુલાવવામાં આવે છે.

હિંડોળાના અનેક પદો વ્રજભક્તોએ ગાયા છે. તેમાં જુદા જુદા રાગ છે. રાગ બિલાવલ, રાગ મલ્હાર, રગ માધવ, રાગ જય જાવંતી પરમ કૃપાળુ પરમાત્માના સગુણ સ્વરૂપનું કીર્તન કરીને પુષ્ટિ ભક્તિનો આનંદ લે છે.

હિંડોળા શ્રી સ્વામીનીજીનો પ્રેમભાવ છે. હિંડોળામાં યુગલ સ્વરૂપે ઝૂલે છે.

હિંડોળાનું પદ

આજ વન કુંજ હિંડોળો સજાવ્યો
આજ વન કુંજ હિંડોળો સજાવ્યો
ઉમંગે ઉમંગે ઝૂલે પિયા પ્યારી
ઉમંગભેર મેઘ ગરજે
કાલિન્દી કિનારે શોભે હિંડોળો
ત્યાં વ્રજરાજ બિરાજ્યા
કંચન સમ વેલી રાધિકા
ઝુલાવે સખી નખરાળો
પીળું વસ્ત્ર, પાઘ કસુંબી
મોર પિચ્છ શિરે ફરકે
"ચતુર્ભુજ" પ્રભુ ગિરિધર છબી નિહાળી
કોટી કંદર્પ લાજ્યો.

(રચનાઃભરત સાંગાણી)

---

NOG SS NO:004
વિષયઃ શ્રાવણ માસનાં લોક મેળા..લોકોત્સવ.. માનવતા,ધાર્મિકતા, આધ્યાત્મિકતા
પ્રકારઃગદ્ય
શબ્દોઃ૩૩૦
શીર્ષકઃ કૃષ્ણ

શ્રાવણ વદ આઠમ એટલે મારો જન્મ દિવસ, તમને શું કહેવાનું.. હજારો વર્ષથી તમે ધામધૂમથી ઉજવતા આવ્યા છો. મારી વેદના કહું જન્મતાની સાથે મારા પિતા મને તેમના મિત્ર નંદને ત્યાં મૂકી આવ્યાં. આજે પણ ધરા પર કોઈ બાળક મા વગરનું થાય તો મારું મન મુંઝાઈ જાય.ત્યાં તો જશોદામૈયાના લાડપ્યારમાં મારું બાળપણ ક્યાં વિતી ગયું. ગોવાળો ને બલરામ જેવા જાયાની છત્રછાયામાં કેટકેટલાય પરાક્રમ કર્યા..

મથુરા ગયો તો મારે મામા કંશને હરાવવા પડ્યા કે તેમના કર્મોને મેં પરિણામ આપ્યું. પાંડવોને કૌરવોને કુરૂક્ષેત્ર સુધી ન જવું પડે તેવા પ્રયત્નો કર્યા.. દ્રૌપદીનાં સખા સ્વરૂપે તેણીની લજ્જા રાખી.. પણ અંતે કુરુક્ષેત્રે યુદ્ધ મંડાણા. કર્મની ગતિ ન્યારી તે કર્મફળને સમજાવવા ત્યાં જ અર્જુનને માર્ગ દેખાડતા ગીતા જ રચવી પડી. જેમાં વાદ નહિ સંવાદ નહિ, કોઈ વિવાદ કે અપવાદ પણ નહિ કહું તો અતિશયોક્તિ નહિ હોય. અર્જુન સાથેનો મારો સંવાદ હતો ને તેમાં હતી એક શુધ્ધ ભાવના સ્પષ્ટ
સમજ.

ભક્તો ગીતા એ ભગવદ ગીતા રૂપે આજે પણ હું એક વાત કહેવા માંગું છુંપ
યદા યદા હિ ધર્મસ્યગ્લાનિર્ભવતિ ભારત ?
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્યાનં સૃજામ્યહમ

સમજાય છે ભક્તો મારી આ વાત..હે ભારત ! જ્યારે જ્યારે ધર્મમાં શિથિલતા આવી જશે અને અધર્મની વૃદ્ધિ થશે ત્યારે ત્યારે હું પ્રગટ થઈશ ને થાઉં જ છું. હું સાકાર રૂપ માનવ દેહે અવતરું છું કારણપ
પરિત્રાણાય સાધુનાં વિનાશાય દુષ્કૃતામ્
ર્મ સંસ્થાપનાર્યાય સમ્ભવામિ યુગે યુગે

સાધુ પુરૂષો, સજ્જનોની રક્ષા કરવા અને દુર્જનોનો નાશ કરવા તેમજ ધર્મની રક્ષા કરવા અને ધર્મના માન મોભાને સાચવવા યુગો યુગોથી જન્મ લઉં છું.

હા, જેણે જેણે મારા પરમ સ્વરૂપ ને તત્વ જાણે છે તે જરૂર મોક્ષનો અધિકારી છેફરી ફરી જન્મનાં ફેરામાંથી
મુક્ત થાય છે.

આ હું જણાવું છું એટલા માટે જ કે ગીતા વાંચે ને સમજે નહિતો મારા જન્મની ધામધૂમ શા કામની? મને સમજાય છે કે પ્રશ્ન થાય છેપ ગીતામાં રાધાનો ઉલ્લેખ કેમ નથી? પૂછનારાને મારો ઉત્તર છે..
ગીતા કર્મની ભાષા
રાધા પ્રેમના ધર્મની ભાષા
અંત તો મારો પણ ગાંધારીનાં શ્રાપ યુક્ત જ રહ્યો.. તો સમજો કર્મની ભાવનાથી ભક્તો ઘર્મ કરો.
મારો જન્મ દિવસ ઉજવતા પહેલાં મને સમજો બસ એજ વિનંતી..શ્રી કૃષ્ણની મર્મે ધરો.
અસ્તુ.

જયશ્રી પટેલ

---

NOG SS no 19
વિષય..તહેવારો ની રચના
પ્રકાર...ગદ્ય
શીર્ષક.. મેળાની મજા

બુન, જરી ઝપટ કરજો ને, પીટ્યો ચ્યારનો ઘરે ગુડાઈ જ્યો હશે.. ને ગળચવા હાદુ ઘર ગજવહે. રાધા મીના શેઠાણીને જમવાનું જલ્દી પતાવવા વિનવતી હતી.


શેઠાણીઃ હેં રાધુડી,આ તારો વર આટલું હેરાન કરે છે તે મૂકી દે ને એને. તમારે તો બીજા લગનની કયાં નવાઈ હોય છે?

રાધાઃ ના,મીનાબુન, મારા બાપ્પાને જીમ ઠીક લાયગુ ઈમ. આની હારે ફેરા ફેરવી દીધાં. મુઆ મારાં નસીબ બુન, બાકી ઈ દલડાં નો હારો સી. આ પીવાનું હપુચુ મેલે તો હખ થાય.
આમ વાત કરી રાધા ઘરે ચાલી.
ઈ નો વર ઇની રાહ જોતો’તો.
હાલ રાધુડી હટ કર્ય બૌ ભૂખ લાઈગી સે.
રાધા ચૂલો પેટાવી રોટલા શાક બનાવી રહી.કાનો ખાતાં ખાતાં ક્યે,, હેં રાધુ,મૂઓ આ વેસન નો કૂવો..આ જોને લત સૂટતી નથ.
રાધાઃ એલા તારે સોડવી હોય તો પટ દેતીક સૂટી જાહે..તું જરી મોળો સુ.
ખા મારી માતાના હમ..જો સૂટે સે ક નૈ..આ લત.
હા, હો, વાત તો હાચી,,હું હવે ધ્યેન રાખીશ.
ભળભાંખણુ થાતા પતિ પત્ની કામે જાતા.કાનાને માતાના હમ ની વાત યાદ આવતી ને ભૈબંદ સાથે પીવા નો જાતો.ઈની ટેવ સૂટી જૈ.રાધુડી ને બૌ આનંદ થ્યો. કાનો ઇનો હાથ ઝાલી મેળો કરવા લે જ્યો.
એલી રાધુડી,તને લીલી ઓઢણી બૌ ગમે ને,, હાલ્ય, લઈ લઉ,લાલ ચૂડીયું હારે ગલગોટા જેવી લાગીસ..અને હેંડો,ઓલો ટાઢો ટાઢો આસક્કીમ ખાઈ લૈ. રાધા તો કાનાને બદલાઈ ગયેલો જોઈ ખુશ થઈ. હાલ કાના, તારી હાદુ મારે એક વાંહળી લેવી સે. તું વગાડજે.હું ધ્યેનથી હોમભરીસ.
રાધા..કાનો મેળાની મોજ માણી રહ્યાં.

કલ્પના બેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

## મેઘાણી વિશે બે દહાડામાં ઘણું બધું લખાઈ ગયા પછી…




ઝવેરચંદ મેઘાણી

(‘ઊર્મિ અને નવરચના‘ મેઘાણી સ્મૃતિ અંકમાંથી)

ઝવેરચંદ મેઘાણી કવિ, વાર્તાકાર, નવલકથાકાર, લોકસાહિત્યના સંશોધક, નાટ્યકાર, વિવેચક, આસ્વાદક, અનુસર્જન કરનાર, પત્રલેખક, પત્રકાર, કટારલેખક, તંત્રી, ગાયક, સ્વતંત્રતા સેનાની...આ બધું જ હતા. ગુજરાતી સાહિત્ય-લેખનમાં આટલી બધી વૈવિધ્યપૂર્ણ સર્જકતા જૂજ લોકોને મળી હશે. બે-એક દિવસથી તેમના વિશે ઘણી વાત થઈ અને થઈ રહી છે ત્યારે, તે શું ન હતા તે પણ નોંધવા જેવું છે. કદાચ તેમના વિશેની સમજમાં થોડા વધુ મુદ્દા ઉમેરાય.

ઝવેરચંદ મેઘાણીની કવિતાઓ અને ગાન ગાંધીજીને ખૂબ પસંદ હતાં. પરંતુ તેમણે ઝવેરચંદ મેઘાણીને ‘રાષ્ટ્રિય શાયર’ કહ્યા હોય એવો કોઈ અધિકૃત ઉલ્લેખ ગાંધીસાહિત્યમાંથી કે ગાંધીજીના નિકટના સાથીદારના લખાણમાંથી હજુ સુધી જોવા મળ્યો નથી. તેમના અવસાન પછી સરદારે દિલ્હીથી લખેલા પત્રમાં પણ ‘રાષ્ટ્રિય શાયર‘નો કોઈ ઉલ્લેખ નથી. હકીકતમાં મેઘાણીની મહાનતાને ‘રાષ્ટ્રિય શાયર’ જેવા કોઈ છોગાની જરૂર નથી. આવાં છોગાં અખબારી મથાળાં માટે ઉપયોગી બને, પણ તેનાથી મેઘાણીની બીજી ઘણી પ્રતિભાઓ અનાયાસે ઢંકાઈ જાય છે.

‘મેઘાણી એટલે ચારણી-કાઠિયાવાડી સાહિત્ય-તળ સૌરાષ્ટ્રના શબ્દો’—એ માન્યતા પણ બહુ અધૂરી છે. તેનો એક જ નમૂનો છે ‘માણસાઈના દીવા‘માં મેઘાણીએ આત્મસાત્ કરેલી મહી કાંઠાના ભાષા. રવિશંકર મહારાજ જેવા મહાન સેવકની કામગીરી મેઘાણીએ જે રીતે ઝીલી છે, તેમાં નકરું આલેખન, રિપોર્ટિંગ, દસ્તાવેજીકરણ કે ભાષાના ભભકા નથી. તેમાં માનવમનનાં ઊંડાણની અને તેના પ્રવાહોની સમજ તથા સમસંવેદન છે. આ પુસ્તકની ૧૯૪૭થી ૧૯૬૭ સુધીમાં ત્રણ આવૃત્તિ અને પછી દસ પુનઃમુદ્રણ થયાં હતાં. કારણ કે ત્યારના ગુજરાતની રવિશંકર મહારાજ અને શ્રી શ્રી રવિશંકર વચ્ચે ગોટાળો થાય એવી અવદશા ન હતી.

મેઘાણી મુખ્યત્વે મધુર ગીત-કવિતાઓ, ભભક ધરાવતી શબ્દાવલિના કવિ-લેખક કે શૌર્ય પ્રેરતાં કાવ્યોના રચયિતા—એવી માન્યતા પણ યોગ્ય નથી. આપણા સમાજનાં છેવાડાનાં ગણાતા લોકોના જીવનસંઘર્ષને વ્યાપક સ્વરૂપે રજૂ કરતી તેમની ઘણી કવિતાઓ અને કૃતિઓ છે, જે યાદ કરાતી નથી.

મેઘાણી એટલે હિંદુ-મુસલમાન એકતાના પ્રખર સમર્થક અને ધાર્મિક લાગણીના આટાપાટા વીંધીને અંદરના માણસનું દર્શન કરાવનાર. સંઘર્ષને બદલે સહઅસ્તિત્વના ઈતિહાસમાંથી બોધ ખેંચનાર અને તેની સુદઢતા માટે કોશિશ કરનાર જણ. તેમના આ પાસા વિશે આપણા કહેવાતા રાષ્ટ્રવાદીઓ જાણે કે વાંચે, તો મેઘાણી તત્કાળ ડાબેરી, સેક્યુલર, લિબરલ, હિંદુવિરોધી વગેરેમાં ખપી જાય. (તસવીરમાં ફૂલછાબની ભેટ પુસ્તિકા તરીકે તેમણે તૈયાર કરેલી કેટલીક પુસ્તિકોનાં પૂંઠાં મૂક્યાં છે.)

મેઘાણી એટલે સાહિત્યમાં અને સાહિત્ય થકી, સામાન્ય માણસમાં રહેલી અસામાન્યતા પ્રગટાવવાની મથામણ કરનાર, તેમનામાં ટમટમતા માણસાઈના દીવાની વાટ સંકોરનારા સર્જક. મુદ્દે, મેઘાણી એટલે લોકના માણસ. તેમનું સાહિત્ય અઘરું નહીં. લોકને સમજાય એવું. લોકભોગ્ય ખરું, પણ લોકરંજક નહીં. લોકને ગલગલિયાં કરાવે એવું બિલકુલ નહીં.

ગઈ કાલે એવું વાંચવામાં આવ્યું કે ‘આપણે જે ભાષા બોલીએ છીએ, આપણી નવગુજરાતી પેઢી જે ભાષા સમજે છે એનો પાયો ઝવેરચંદ મેઘાણી, ચંદ્રકાંત બક્ષી જેવા અનેક લેખકોએ નાખ્યો. ન સમજાય એવું ભદ્રંભદ્રિય ગુજરાતી બોલવાને બદલે એમણે આપણને શીખવ્યું કે આપણી જ ભાષાના ભૂલાઈ ગયેલા શબ્દપ્રયોગો અને અન્ય ભાષાઓના સારા શબ્દોને આપણી ભાષામાં ઉમેરવાથી ભાષાનું શબ્દભંડોળ અને સમૃદ્ધિ વધે છે.’

આ વિશ્લેષણમાં બે-ત્રણ પાયાના પ્રશ્નો છે.

. (૧) ભદ્રંભદ્રિય ન હોય એવી ભાષાના અસંખ્ય પેટાપ્રકાર છે. તેમાં ગલગલિયાંથી ગહન ઊંડાણ સુધીનું વૈવિધ્ય છે. ગાંધીયુગના અને ત્યાર પછીના મોટા ભાગના લેખકો ભદ્રંભદ્રિય ન હોય એવી ભાષામાં જ લખતા રહ્યા છે. તેમાં મેઘાણીને અલગ તારવી શકાય નહીં. અને એવા બહુ બધા લેખકો હોય તો ‘બે અને બીજા ઘણા‘ એવું કહેવાથી કશો અર્થ ન સરે. વિશેષ ઉલ્લેખ હોય વિશેષતાનો જ હોય. (૨) તેમને, ભલે આ બાબત પૂરતા પણ, બક્ષીની હરોળમાં મુકવાની ચેષ્ટા વિશે કંઈ ન કહેવામાં જ સાર છે. (૩) આપણી ભાષાના ભૂલાઈ ગયેલા શબ્દપ્રયોગો વાપરવાનું મેઘાણીમાંથી કયા ‘નવગુજરાતી’ શીખ્યા? છેલ્લા બે-ત્રણ દાયકાથી તો લખનારામાં પ્રચલિત-રૂઢ શબ્દોની જગ્યાએ અંગ્રેજી ઠઠાડવાની હોડ જામેલી હતી અને હવે તો એ પ્રક્રિયા લગભગ પૂરી થવાના આરે છે. (૪) મેઘાણી પ્રચંડ સર્જકતા ધરાવતા હોવાથી, અભિવ્યક્તિની તાલાવેલીમાં તે ઘણા મૌલિક શબ્દો નીપજાવતા હતા.

નકરા શબ્દોના સાથિયા પૂરનારાં, શબ્દાળુ, દૂધમાં ને દહીંમાં પગ રાખનારાં, અપ્રામાણિક, શાસકોની-સત્તાસ્થાનોની ચાપલૂસી કરનારાં લખાણ ન લખવાં, એ મેઘાણીની એક મોટી ખાસિયત હતી. એવાં લખાણ સામેનો તેમનો આક્રોશ અને અભિપ્રાય તેમના અનેક પત્રો-લેખોમાં જોવા મળે છે.

મેઘાણીની અનેકવિધ પ્રતિભાઓ અને વિશાળ પ્રદાન મૂકીને તે જે નથી અને તેમણે જે નથી કર્યું, તે આગળ કરવામાં આવે, ત્યારે કમ સે કમ આટલું યાદ કરવું રહ્યું.

# અરવલ્લી : ગોઢકુલ્લા ગામે ભેદી બ્લાસ્ટ રહસ્ય વધુ ભેદી બન્યું, રેંજ આઈજી અભય ચુડાસમા સ્થળની મુલાકાત લીધી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના ભિલોડાના ગોઢકુલ્લા ગામમાં એક રહેણાંક મકાનમાં ભેદી બ્લાસ્ટમાં પિતા-પુત્રીનું મોત નીપજ્યું છે માતા-પુત્રી હાલ સારવાર હેઠળ છે ગોઢકુલ્લા ગામે થયેલ ભેદી બ્લાસ્ટના પગલે રેંજ આઈજી અભય ચુડાસમા અને જીલ્લા પોલીસવડા સંજય ખરાતે સ્થળ મુલાકાત કરી ભેદી બ્લાસ્ટની તપાસ જીલ્લા એસઓજીની સોંપી હોવાનું જણાવ્યું હતું રેંજ આઈજીએ શામળાજી મંદિરમાં કાળીયા ઠાકોરને શીશ ઝુકાવ્યું હતું અને જન્માષ્ટમી નિમિત્તે પોલીસ બંદોબસ્તનું નિરીક્ષણ કરી જીલ્લા પોલીસતંત્રના બંદોબસ્ત અને ટ્રસ્ટે ભક્તો માટે ઉભી કરાયેલી સુચારુ વ્યવસ્થાની સરાહના કરી હતી ગોઢકુલ્લા ગામે થયેલ ભેદી બ્લાસ્ટમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડતા ભેદી બ્લાસ્ટનું રહસ્ય વધુ ભેદી બન્યું છે રેંજ આઈજીએ શું કહ્યું જુઓ દ્રૈર્ડ્ડી

ગોઢકુલ્લા ગામે રહેણાંક મકાનમાં થયેલા ભેદી બ્લાસ્ટમાં બે લોકોના મોત નીપજી ચુક્યા છે ગોઢકુલ્લામાં થયેલ ભેદી બ્લાસ્ટથી સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો શામળાજી પોલીસ સહીત જીલ્લા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ભેદી બ્લાસ્ટનું કારણ જાણવા એફએસએલની મદદ લીધી હતી એફએસએલની ટીમે ભેદી બ્લાસ્ટમાં ઘટનાસ્થળે ઝીણવટ ભરી તપાસ હાથધરી બ્લાસ્ટ સ્થળેથી અનેક નમૂના લીધા છે હજુ એફએસએલ રિપોર્ટ આવ્યો નથી ત્યારે ઘટનાની ગંભીરતા સમજી રેન્જ આઈજી અભય ચુડાસમા ગોઢકુલ્લા ગામે ઘટનાસ્થળની મુલાકાત લઇ કેસની તપાસ જીલ્લા એસઓજી ને સોંપતા એસઓજી પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે

ગોઢકુલ્લા ગામે થયેલ ભેદી બ્લાસ્ટ અંગે જાણો


શામળાજી નજીક આવેલા ગોઢકુલ્લા ગામે એક રહેણાંક મકાનમાં થયેલા ભેદી બ્લાસ્ટને પગલે સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠયો હતો. ગોઢકુલ્લા ગામમાં પરિવાર સાથે રહેતા રમેશભાઈ ફણેજાના ઘરમાં શનિવારે ભેદી સંજોગોમાં બ્લાસ્ટ થતા રમેશભાઈ ફણેજા નામના યુવકના શરીરના ચીથરે ચીથરા ઉડી જતા ઘટનસ્થળે મોત નીપજ્યું હતું .જયારે યુવકની પત્ની અને બે બાળકીઓના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બંને બાળકીને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ હતી જેમાંથી ગંભીર ઈજાગ્રસ્ત દોઢ વર્ષીય સંતોષ નામની બાળકીનું મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું શામળાજી પોલીસ સહીત જીલ્લા પોલીસતંત્ર અને એફએસએલ ની ટીમ ભેદી બ્લાસ્ટ કઈ રીતે થયો તેની મથામણમાં લાગી છે.પ્રાપ્ત માહીતી અનુસાર ગોઢકુલ્લાનો રમેશ ફણેજા નજીકમાં આવેલા તળાવમાંથી કોઈ પદાર્થ લાવ્યો હતો તે જ પદાર્થ બ્લાસ્ટ થતા સ્થળ પર મોટો ખાડો પડી જવાની સાથે બ્લાસ્ટના અવાજની તીવ્રતા ૩ કિમી સુધી લોકોને સંભળાઈ હતી બ્લાસ્ટ થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા એક બ્લાસ્ટથી આખો પરીવાર વિખેરાઈ ગયો હતો પ્રંચડ ધડાકા સાથે થયેલા બ્લાસ્ટમાંઆ યુવક રમેશભાઈ લાલજીભાઈ ફણેજાનું ઘટના સ્થળે જ મોત નિપજયા પછી ઘરમાં ઘોડિયામાં ઉંઘેલી ૧.૫ વર્ષીય બાળકીનું પણ સારવાર દરમીયાન અમદાવાદમાં મોત નીપજ્યું હતું હાલ અન્ય એક બાળકી પણ મોત સામે જજુમી રહી છે ભેદી બ્લાસ્ટથી મકાનની ઘર વખરી ને નુકશાન પહોંચ્યું હતું તેમજ ઘર બહાર બાંધેલી બકરીનું પણ આ બ્લાસ્ટમાં મોત નીપજયું હતું મૃતક યુવકની લાશને પીએમ માટે અમદાવાદ ખસેડવામાં આવી છે જ્યાં એફએસએલ, પોલીસની હાજરીમાં તબીબોની પેનલ મૃતક યુવકની લાશનું પીએમ કરવામાં આવશેની માહીતી પ્રાપ્ત થઇ હતી



શ્રાવણ માસ ના પ્રવિત્ર દિવસોમાં યુગ શક્તિ ગાયત્રી મંદિર ડાકોરમાં ભૂદેવો ને બાહ્ય ભોજન દાતાઓ જયોસ્તનાબેન ચંદુભાઈ પટેલ તથા જીજ્ઞાસા સ્નેહલ પટેલ u k પરિવાર તરફથી ભૂદેવો ને અતિપ્રિય ભજન સાથે દાન દક્ષિણા પણ આપવામાં આવેલ

## ભક્તો દર્શન કરી મંત્રમુગ્ધ

# શામળાજી મંદીરમાં મેઘમહેર વચ્ચે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું : ભગવાન શામળીયાને સોળે શણગાર



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સુપ્રિસદ્ધ યાત્રાધામ શામળાજીમાં જન્માષ્ટમી પર્વને લઇ મંદિરમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ ઉમટી હતી શામળાજી મંદીર ટ્રસ્ટ કોરોના સંક્રમણના પગલે જન્માષ્ટમી પર્વની સાદગી પૂર્ણ રીતે ઉજવણી કરી રહ્યું છે યાત્રાધામ શામળાજી બિરાજતા કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો હતો

જન્માષ્ટમી પર્વ નિમિતે ભગવાન શામળીયા માટે ખાસ પ્રકારના વસ્ત્રોને ડીઝાઈન કરાવી સુંદર મજાના વસ્ત્રો ભગવાનને પહેરાવવામાં આવ્યા હતા .તેમજ ભગવાનને ખુબ જ કિંમતી સુવર્ણ અને મોતીના ઘરેણાં અને તેમના માથા પર સોનાનો દોઢ કીલો થી વધુ વજનનો હિરા મોતી જડીત મુઘટ પણ શોભાવવામાં આવ્યો હતો ભગવાન શામળિયા માટે ખાસ ડીઝાઈન કરેલી અંદાજે દશેક તોલા સોનાનું વજન ધરાવતી નવી વાંસળી શણગારમાં સજાવાઈ હતી

શામળાજી મંદિરમાં વહેલી સવારે ભગવાન શામળિયાની મંગળા આરતી કરવામાં આવી હતી. ભગવાનને શોળે શણગાર કરવામાં આવ્યા છે, જેના દર્શન કરવા માટે ભક્તો વહેલી સવારથી જ પહોંચ્યા હતા.ભગવાનની શણગાર આરતી સવારે નવ પંદર કલાકે કરવામાં આવી હતી.ભગવાન શામળિયા ને સોનાના આભૂષણો, હીરા જડિત મુકુટ સહિત વિશેસ વાઘા સાથે શણગાર કરાવવામાં આવ્યો હતો,,કૃષ્ણ જન્મોત્સવ ને લઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે,,ભક્તો ભગવાન શ્રીકૃષ્ણના રાત્રે બરોબર બાર કલાકે ભગવાનના જન્મોત્સવ ને લઈ તમામ તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે મહત્વનું છે કે, કોરોનાવાયરસ ની મહામારી ને લઈને મોટા ભાગના કાર્યક્રમો રદ્દ કરવામાં આવેલા છે..જન્માષ્ટમીના દિવસે સાંજના સમયે યોજવામાં આવતા સાંસ્કૃતિક અને મટકીફોડના કાર્યક્રમો પણ આ વર્ષે નહી યોજાય મંદિરે દર્શન કરવા માટે આવતા ભક્તો એ સરકારની ગાઇડ લાઈનને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

# શામળાજી નજીક મોરબીના પરીવારની કાર પલ્ટી જતા પતિની આંખો સામે પત્નીનું મોત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોરબીના સીરામીકના વેપારીની કાર શામળાજી નજીક પલ્ટી જતા ૨૪ વર્ષીય મહિલાનું મોત નિપજતા ભારે ચકચાર મચી છે અરવલ્લીના શામળાજી નજીક આવેલા શ્યામલવન પાસે રાજસ્થાન તરફથી આવતી મહીન્દ્રા XUV-500ના કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઇડર સાથે ભટકાઈ ત્રણ-ચાર પલ્ટી ખાઈ રોડ પર ખાબકતા કારમાં સવાર ૨૪ વર્ષીય મહિલાનું ઘટનાનું સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અત્રે ઉલ્લેખનીય છે કે પતિ જ કાર ચલાવતો હોવાથી ફરીયાદી જ આરોપી બન્યા હતા

મોરબીના દર્શન બંગ્લોઝમાં રહેતા ઉદય ચંદ્રેશભાઈ આદ્રોજા તેમના પત્ની તેમના સગા-સબંધી સાથે જન્માષ્ટમીની રજાઓમાં ઠેંફ-૫૦૦ કાર લઇ રાજસ્થાનમાં ફરવા ગયા હતા રાજસ્થાન થી પરત ફરતા કાર ઉદય ભાઈ હંકારી રહ્યા હતા શામળાજીના શ્યામલવન પાસે ઉદય આદ્રોજાએ કાર ગફલતભરી રીતે બેફામ ઝડપે હંકારી સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ ધડાકાભેર ત્રણ-ચાર પલ્ટી ખાઈ જતા કારમાં સવાર તેમના પત્ની ચાર્મી આદ્રેજાના શરીરે ગંભીર ઈજાઓ થતા અકસ્માતના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું કારમાં સવાર ઉદય આન્દ્રેજા તેમની બંને બહેન અને બનેવીનો આબાદ બચાવ થયો હતો અકસ્માતની ઘટનાના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી શામળાજી પોલીસે ઉદય ચંદ્રેશભાઈ આદ્રોજાની ફરિયાદના આધારે તેમની સામે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ઈન્ડિયન લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા સેવા વસ્તી સેક્ટર ૨૪ માં જન્મોત્સવ ઉજવાયો




ઇંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ ના પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે શ્રી કૃષ્ણ નો જન્મોત્સવ તારીખ ૩૦ ઑગસ્ટ ૨૦૨૧ ના રોજ સવારે ૧૦ વાગ્યે સેક્ટર - ૨૪ માં સેવા વસ્તી (છાપરા) માં આયોજિત કરવામાં આવ્યો છે, સૌ પ્રથમ વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીત સૌ એ સાથે ગાયું હતું.

આ કાર્યક્રમ માં દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી, આ કાર્યક્રમ માં શ્રી યોગી જી દ્વારા ભગવાન શ્રી કૃષ્ણ ની જીવન પર આધારિત પોતાનું વક્તવ્ય આપ્યું હતું આ કાર્યક્રમ માં શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ડાયરેક્ટર ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા કૃષ્ણ કનૈયા રે કવિતા હિન્દી માં પ્રસ્તુત કરી હતી. ઉપ પ્રમુખ શ્રી મંગળ સિંહ સોલંકી દ્વારા કૃષ્ણ વિશે સમજ આપી હતી. શ્રી મહેન્દ્ર ભાઇ ચૌહાણ દ્વારા પણ ×બાળકોને જય કનૈયાલાલ કી હાથી ઘોડા પાલખી× ના સૂત્રો બોલાવવામાં આવ્યા હતા

પ્રમુખ શ્રી રાધેશ્યામ ભાઈ યાદવ જી દ્વારા કૃષ્ણ નો મહિમા સમજાવ્યો હતો અને રાસ ગરબા રમવા સૌ ને પ્રેરિત કર્યા હતા અને તમામ ઉપસ્થિત સભ્યો એ રાસ ગરબા રમ્યા હતા

આ કાર્યક્રમ માં બલરામ ના વેશ ભૂષા સાથે હનુમાન સંજય યાદવ તથા કૃષ્ણ ના રૂપ ધારણ કરી નાનો બાળક અત્રે ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ નું સંચાલન માં ઈન્ડિયન, લાયન, શ્રી સંજીવ યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું અને અંત માં રાષ્ટ્ર ગીત જન ગણ મન સૌ એ ગયું હતું. બાળકોને કેળા મિસરી અને ચોકલેટ નો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં ઇ. લા. શ્રી જયેશ ભાઇ ગોહિલ, શ્રી ઇ. લા. મહેન્દ્ર ભાઇ સોલંકી, ઇ. લા. લાલ સિંહ જી શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ડાયરેક્ટર શ્રી મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ, શ્રી યોગી જી ડાયરેક્ટર, શ્રી મહેન્દ્ર ભાઇ ચૌહાણ ડાયરેક્ટર, શ્રી સંજીવ યાદવ સેક્રેટરી ને ઉપસ્થિત રહી ને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી રાધેશ્યામ ભાઇ યાદવ તથા ડાયરેક્ટર શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા સેવા વસ્તી માં માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું હતું

હિન્દુ ધર્મ માં સમગ્ર દેશમાં આ તહેવાર ખૂબ ધામ ધૂમ થી ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમ માં સૌ એ ભાગ લઈ ભગવાન શ્રી કૃષ્ણ નો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો

ડૉ ગુલાબચંદ પટેલ

# ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી વિક્રમનાથ અને ન્યાયમૂર્તિ શ્રી બેલાબહેન ત્રિવેદીનો વિદાય સમારોહ યોજાયો



ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ વિક્રમ નાથ અને ન્યામૂર્તિ જસ્ટિસ બેલા બહેન ત્રિવેદી ની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્તિ થતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ બેય ન્યાયાધીશશ્રીઓના માનમાં શુભેચ્છા વિદાય સમારોહનું ગાંધીનગરમાં આયોજન કર્યું હતું.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ એમ.આર શાહ તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિન ભાઈ પટેલ, મહેસૂલ મંત્રી કૌશિક ભાઈ પટેલ.કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,કાયદા રાજ્ય મંત્રી પ્રદીપસિહ જાડેજા તેમજ ગુજરાત વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિ શ્રીઓ,એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ,રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો સહિત ન્યાયક્ષેત્ર સાથે જોડાયેલા પૂર્વ ન્યાયધીશશ્રીઓ વગેરે આ વિદાય સન્માન સમારોહ માં ઉપસ્થિત રહ્યા હતા

મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીએ વિદાય લઈ રહેલા બેય ન્યાયાધીશશ્રી ઓને સ્મૃતિ ભેટ અને શાલ અર્પણ કરી સન્માન કર્યું હતું.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ઔષધીય રોપાનું વાવેતર કરાયું

વડોદરા ,તા.૩૧

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરની બાજુમાં મહિલા અને બાળ સશક્તિકરણ વનના ઉછેર માટે વૃક્ષારોપણ કર્યું હતું. આ મહિલા અને બાળ સશક્તિકરણ વનને સમગ્ર દેશ માટે પોષણ વાટિકાનું મોડેલ બનાવીને દેશના તમામ રાજ્યોમાં મહિલા અને બાળ પોષણને વેગ આપવા આ પ્રકારની પોષણ વાટિકાઓ ઉછેરવાની પ્રેરણા આપશે.સહી પોષણ દેશ રોશનના સૂત્રને હાર્દમાં રાખીને યોજવામાં આવેલી રાષ્ટ્રીય મહિલા અને બાળ વિકાસ પરિષદના પ્રારંભ પહેલા વિવિધ રાજ્યોના પરિષદમાં ભાગ લેવા આવેલા મંત્રીઓ અને પ્રતિનિધિઓ રોપ વાવેતરમાં જોડાયા હતા.

## મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણી એ પેરા ઓલિમ્પિક્સમાં

# ટેબલ ટેનિસ રમતમાં સિલ્વર મેડલ જીતી દેશને ગૌરવ અપવાનારી દીકરી ભાવિના પટેલને અભિનંદન પાઠવ્યા

રમમુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પેરા ઓલિમ્પિક્સમાં ટેબલ ટેનિસ રમતમાં સિલ્વર મેડલ જીતી દેશને ગૌરવ અપવાનારી દીકરી ભાવિના પટેલને અભિનંદન પાઠવ્યા છે

ગુજરાત ના મહેસાણા ની આ દિવ્યાંગ દીકરી ભાવિના પટેલે પોતાના ખેલ કૌશલ્યથી ગુજરાત સહીત સમગ્ર ભારતને વિશ્વસ્તરે ગૌરવ અપાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર યોજના અંતર્ગત ભાવિના પટેલને પ્રોત્સાહન રૂપે ૩ કરોડ રૂપિયનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે.

રવિવારે ભાવિના પટેલે ટોક્યો ખાતે પેરા ટેબલ ટેનિસ રમતમાં વુમન સિંગલ ઈવેન્ટની ફાઇનલમાં મેચમાં રજત (સિલ્વર) મેડલ પ્રાપ્ત કરીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની દીકરીઓને ભાવિના પટેલમાંથી પ્રેરણા મેળવી રમત-ગમત ક્ષેત્રે આગળ વધવાનો સંદેશ પણ પાઠવ્યો છે.

તેમણે રમત-ગમત ક્ષેત્રે કારકિર્દી ઘડી ગુજરાત અને દેશનું વિશ્વકક્ષાએ પ્રતિનિધિત્વ પ્રતિભાવંત ખેલાડીઓ કરી શકે તે માટે અનેક વિધ યોજનાઓ થી સહાયરૂપ થવા રાજ્ય સરકાર સદાય તત્પર હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં કહ્યું કે, 'વ્યક્તિ સ્ત્રી-દીકરી હોય કે દિવ્યાંગ હોય મહેનત અને મનોબળથી ધારેલા લક્ષ્યાંકો પાર પાડી શકે છે' તે વાત ગુજરાતની દિવ્યાંગ રમતવીરાંગના ભાવિના પટેલે પુરવાર કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભ જેવા આયોજનોને પ્રેરણા આપીને ગુજરાતના યુવાવર્ગને રમત-ગમત ક્ષેત્રે પ્રેરિત કરવાની સુદિર્ઘ નિતી-રિતી ગુજરાતને આપી છે જેના સુખદ પરિણામો હવે મળી રહ્યા છે. છેલ્લા બે દાયકાથી રમત-ગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન, સહાય અને તાલીમ આપવાની રાજ્ય સરકારની નીતિનું આ પરિણામ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન મુજબ આ વર્ષના બજેટમાં રાજ્યના ૬ હજાર ગામડાઓમાં વિવિધ રમતો માટે મેદાન તૈયાર કરવા રૂ. ૩૦ કરોડ અને જીલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સ્કુલ બનાવવા માટે રૂ ૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

રાજ્યમાં સ્પોર્ટ્સનું વૈશ્વિકકક્ષાનું માળખું ઉભું કરી ગુજરાતને ઓલમ્પિક સ્પર્ધાઓના આયોજન કરવા સક્ષમ બનાવવાની અને આંતરરાષ્ટ્રીય સ્તરે કોમ્પિટ કરે તેવા રમતવીરો તૈયાર કરવાની સરકારની નેમ છે.

રાજ્ય સરકારના આ સઘન પ્રયાસોને કારણે ગુજરાત રાજ્યની સ્થાપના બાદ ૬૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર રાજ્યની છ ખેલાડીઓ ટોક્યો ખાતે ચાલી રહેલી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

# સાંજ ઈ - મેગેઝિનનાં સીત્તેર લેખકો દ્વારા ઉત્સવોત્સવ ની ઉજવણી કરતાં સાતમો અંક પ્રકાશિત કરવામાં આવ્યું

સાંજ ઈ - મેગેઝિનનો સાતમો અંક તારીખ ૩૦/૦૮/૨૧નાં રોજ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. મેગેઝિનનાં સંપાદક કોમલ તલાટી દ્વારા ×ઉત્સવોત્સવ× વિશેષાંક પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સહ સંપાદક શ્રી નિર્મલ તલાટી દ્વારા ટેકનિકલ વિભાગ સંભાળીને અંકને સુંદર સ્વરૂપ આપ્યું હતું. ૧૭૭ પાનાંના દળદાર સાંજ ઈ - મેગેઝિનમાં ૭૦ લેખકોની ઉત્કૃષ્ટ રચનાઓ સાથે ×ઉત્સવોત્સવ×ની ઉજવણી કરવામાં આવી હતી.




શિલ્પા પટેલ, વીણા અમીન ×વાદિની×, સેજલ હુંબલ, ભાવના ભટ્ટ, સ્વયંની ખોજ ×ખુશી×, કણઝજરીયા હાર્દિક, પિંકી પરીખ, નૃપેશ શાહ, પુષ્પાબેન વૈધ ×અમી×, વરસાણી સંજના, જાદવ મનિષાબેન, ભૂપેન્દ્ર ત્રિવેદી ×સ્વયંભૂ×, ભરત વૈષ્ણવ, બંદિશ પંચાલ, તૃપ્તિ પંડ્યા ×ક્રિષ્ના×, ડાંગર શીતલ, અલ્પા શાહ, ગીતા ઠક્કર×ગીત×, વિનિકેતન ચંદવાણી, નિખિતા ઘાડિયા, રશ્મિ રાઠોડ, મનુભાઈ પટેલ, એ.વી. ઠક્કર, ખુશ્બુ નિમાવત ×ઓઝલ×, કમલેશ જેઠવા ×અમર×, પટેલ આશા ×આભા×, હિરેન સોલંકી ×હિર×, પિંકી મહેતા શાહ ×દિશા×, કેતન કુમાર ×રાહી×, પ્રીતિ ભાર્ગવ, હેતલ ગોહેલ, નિમુ ચૌહાણ ×સાંજ×, પરમાર ઈન્દ્ર, મીરાબા સોલંકી (MS), શામજી બાબરિયા ×શ્યામ×, છાયા શાસ્ત્રી, પારૂલ નાયક ×શ્યામકૃતિ×, દર્શન પુરાણી, ડોલી વિવેક માણેક, મીનાક્ષી ત્રિવેદી ×મૌની×, રાકેશ વી. સોલંકી ×મ્ન્ડાસ×, શિલ્પા શેઠ ×શિલ્પ×, વિભાવન મહેતા, જયશ્રીબેન દેસાઈ ×શ્રી×, ઉમેશ વી. શાહ ×અવિરત×, બિપીન અગ્રાવત ×વિર×, જયેશ મુરલીધર ભાઈ રંગવાણી, વિજીતા પંચાલ, જાદવ નિલમબેન, જયદીપ મહેતા સૂર ×આરદીપ×, કોકિલા રાજગોર, ઈલા શેઠ, પીપલીયા જીવતીબેન ×જયશ્રી×, નટુભાઈ ગર્જ્જર, શોભા મિસ્ત્રી ×અક્ષય×, વર્ષા ભટ્ટ ×વૃંદા×, દિપીકા ચાવડા ×તાપસી×, રવિ, કિરણબેન શર્મા ×પ્રકાશ×, ઉષા દાવડા, તોરલ શાહ ×તોશા×, પલ્લવી ગોહેલ ''પલ'', કાંતિલાલ એમ. શર્મા, અજીતભાઈ ચાંપાનેરી, શિતલ માલાણી ×સહજ×, મનોજ જે. પટેલ, પીના પટેલ ×પિંકી×, વર્ષા પટેલ ×b@rish", હેતલ ચૌધરી, બિરેન પટેલ, આશા ભટ્ટ વગેરે લેખકોએ કવિતા, ગઝલ, હાઈકુ, ગીત, લઘુ વાર્તા, આર્ટીકલ, લેખ પત્ર, નવલકથા, માઈક્રોફિક્શન, બાળગીત, બાળવાર્તા, પુસ્તક પરિચય, જેવાં સાહિત્યનાં વિભાગોમાં કલમ ચલાવી છે. આ ઉપરાંત સોમૈયા પુજા, ધ્રુવી ઉનડકટ, જયેશ વસવેલીયા, પલક ડી. સોઢા, કલ્પ ગાંધી વગેરે વિદ્યાર્થીઓ દ્વારા તથા? જીજ્ઞા શાહ જેવાં અનુભવી આર્ટીસ્ટ દ્વારા આર્ટ ગેલેરીમાં પોતાની પીંછી ચલાવીને ×સાંજ× ને સુંદર રંગોમાં રંગી હતી. સાંજ ઈ - મેગેઝિન સાથે જોડાવવા માટે આપની ઉત્કૃષ્ટ રચના મેગેઝિનની ઈ - મેઈલ આ ઈ ડ ી sanjemagazinead@gmail.com પર આપવાની રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.